# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પૂ. શ્રી યોગેશ્વરજીની દૃષ્ટિએ શ્રી મા સર્વેશ્વરી | તંત્રી | ૧૧ |
| માતૃવાત્સલ્યનો અભિષેક | શ્રી કલ્યાણ | ૧૫ |
| હૈયું ભીનું થયું, કર્પૂર વનના આંગણે | શ્રી સંજય પંડ્યા | ૨૪ |
| સેવામૂર્તિ શ્રી બાબુભાઈ વ્હોરા | મા સર્વેશ્વરી | ૨૮ |
| માતૃસંગે સ્વર્ગારોહણે | શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૩૪ |
| શ્રી દુર્લભભાઈ પી. ભક્તની સ્મૃતિમાં સ્વર્ગારોહણમાં સર્વરોગ નિદાનયજ્ઞ | ડૉ. બી. જે. જાગાણી | ૪૧ |
| છાશની હાશનું પર્વ | શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૪૬ |
| ઉરમાં વસી છે. | અરવિંદ જોષી (પંકજ) | ૫૩ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૫૪ |

# ❁ અભિનંદનીય સહાય ❁

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા—ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશ-ભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું 'અધ્યાત્મ' માસિક અમને ૨૫ વરસથી ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ નવેમ્બર—૨૦૦૪ અંક ૨

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૨—૧૧—૮૧ સોમવાર, કારતક સુદ પાંચમ, (ચાલુ)**
**વિ. સં. ૨૦૩૮, લાભપાંચમ, ટોરન્ટો—કેનેડા.**

પૂ. શ્રીઃ—ના, એમાં ઋણનો પ્રશ્ન જ નથી. અમે બનાવી આપીએ કે પીરસીએ તો સાધન ભજન તમારામાં વધે.

વાતો કેટલી નાની છે, પણ પૂ. શ્રીના શ્રીમુખે કંઈક ને કંઈક ઉપયોગી વાતો જ, પ્રભુપરાયણ બનવાની વાતો જ સાંભળવા મળે. સાચા સંતો ને પ્રભુના લાડીલા ભક્તોના હાથે પ્રસાદ લેવાથી કોઈ વિશેષ મહત્ત્વ રહેલું છે એનું સ્પષ્ટ જ્ઞાન પૂ. શ્રીના શ્રીમુખેથી આજે સહજ વાતોમાંથી મળી ગયું.

શ્રી સુરેશભાઈ પરીખ દરરોજની જેમ સમયસર આવી જાય છે. પ્રણામ કરી બેઠા છે. પૂ. શ્રી આંટા મારે છે.

શ્રી સુરેશભાઈ પરીખ : પ્રભુ, હવે આપ તો જવાના.

અમને તો આખો દિવસ એ જ વિચાર આવ્યા કરે છે. આપના જ વિચારો આવ્યા કરે છે. બીજું બધું જ ભૂલી જવાય છે.

પૂ. શ્રી : પ્રભુમય જીવન બની જાય તે તો સારું ગણાય. પૂર્વના સત્કર્મોનું એ ફળ છે.

એવામાં શ્રી હર્ષદભાઇ તલાટી આવી પહોંચે છે. પૂ. શ્રીની ચરણ પાદુકા તેમને જોઇએ છે. પણ પૂ. શ્રી માટે બજારમાં સફેદ સાદી ચંપલ કે સ્લીપરની તેઓ તપાસ કરે છે પણ મળતી નથી. જેથી આજે તેઓ રંગીન મોજડી લાવે છે.

પૂ. શ્રીને તેઓ પહેરવા વિનંતિ કરે છે. પૂ. શ્રી થોડી મિનિટો પહેરે છે. પછી તેમને તે મોજડી પ્રસાદીરૂપે પોતાની પાસે રાખી મંદિર જેવું સ્થાન બનાવવા માગે છે. પૂ. શ્રી તેમની પ્રાર્થના સાંભળી તે મોજડી પહેરે છે ને બેઠક રૂમમાં આંટા મારવાના ચાલુ જ રાખે છે. શ્રી હર્ષદભાઇ પૂ. શ્રીનો મોજડી પહેરેલો એક ફોટો લે છે. પૂ. શ્રીને મોજડી કે તેનો રંગ જરા પણ ન ગમ્યો. સાદા સફેદ રંગના ચંપલ હોત તો વાંધો ન હતો. પણ શ્રી હર્ષદભાઇની ભાવના પૂરી કરવા તેમની પ્રાર્થના પૂ. શ્રીએ સાંભળી!

પૂ. શ્રીનો ખુરશીમાં બેસાડી ફોટો લીધો. મોજડી સાથે પણ લીધો. વળી દરરોજ પહેરે તે ચંપલ સાથે પણ ફોટો લીધો. પૂ. શ્રીએ પછી મોજડી કાઢી નાંખી. મોજડીને પૂજા માટે જ લાવવામાં આવી હતી. પૂ. શ્રીએ તેમને થોડી સત્સંગની ગંભીર વાતો, પવિત્ર આહારની પણ વાતો કરી.

તે ભાઇએ કહ્યું : ''આજકાલ હું આપનું નામસ્મરણ ને આપ ગવડાવો છો તે પ્રાર્થના જ, 'હે જગત્રાતા.' ગાયા કરું છું. આજે મને આપે બચાવ્યો. આજે મારું નામસ્મરણ ચાલુ જ હતું ત્યાં ૪૦ ફૂટ ઊંચેથી એક લોખંડની ખૂબ મોટી વસ્તુ પડી; ને તે મારા પગની તદ્દન પાસે જ પડી. સહેજ માટે હું બચી ગયો! આપે જ મને બચાવ્યો. અમારી કંઇ ભૂલ થઇ હોય તો માફ કરજો.''

સમય થતાં પૂ. શ્રી નીચે આવે છે. પૂ. શ્રીનો ઓરડો છેક ઉપર, એની નીચે નવ પગથિયાં ઉતરીએ એટલે બેઠક રૂમ ને પછી ૧૫–૨૦ પગથિયાં હજી નીચે ઉતરીએ એટલે પ્રવચનનું સ્થળ, જે એક મોટા હોલ જેવું છે. આજે સમૂહધ્યાનનો કાર્યક્રમ હતો. પૂ. શ્રીએ ખૂબ વિસ્તૃત રીતે સમજ આપી. શ્રોતાઓ પણ સારી સંખ્યામાં હતા. ૨૫ મિનિટનું ધ્યાન થયું.

ધ્યાન બાદ 'ૐકાર', ધૂન, શાંતિપાઠ થયો. પછી પૂ. શ્રી-એ કહ્યું, 'દરરોજ આ રીતે એક કલાક સવારે, એક કલાક સાંજે બેસવું. ધ્યાનમાં ઘણા સારા અનુભવો પણ થાય છે. તમને સૌને પણ શાંતિનો અનુભવ થયો જ હશે.'

શ્રી અશોકભાઇ પાઠકે કહ્યું : પ્રભુ, આજે હું ધ્યાનમાં બેઠો ત્યારે આપનું સ્વરૂપ દર્શન થયું. પણ આપે કપડાં ઢીંચણસુધી જ કંઇક વીંટાળેલું. ખભા ઉપર કંઇક લટકાવેલું ને હાથમાં દંડો ને કોઇ પર્વત ચઢતા હોય એવું દર્શન થયું. તો હું પૂછું છું કે આપનું એ કયા જન્મનું રૂપ હતું? શું આપ આવા કપડાં પહેરતા હતા?

પૂ. શ્રી : એવા પણ હોઇએ તો જ દેખાય ને! ઘણા જન્મો અમે જાણીએ છીએ. કોઇ જન્મે કાષાય વસ્ત્રો પણ હતાં. કોઇ જન્મે ગૃહસ્થી સંત પણ હતા. દરેક જન્મે સંત જ હતા. અમારે ઇચ્છાનુસાર શરીર ધારણ કરવાનું બને છે. તમને સારો અનુભવ થયો.

શ્રી અશોકભાઇ : આપના એ કયા જન્મનું દર્શન મને થયું

તે આપ કૃપા કરી કહો.

પૂ. શ્રી : સૌને એમની જરૂર પણ નથી ને. તમારે જાણવું હોય તો પછી શાંતિથી કહીશું.

શ્રી અજિતભાઈએ પ્રકાશ દર્શનનો અનુભવ કહ્યો. સૌ પ્રણામ કરી વિદાય થયા. ત્યારે શ્રી અશોકભાઈને પૂ. શ્રીએ ડાયરીમાં લખીને આપ્યું કે, 'તમને થયું તે દર્શન ભગવાન દત્તાત્રેયનું હતું. લોક—ગુરુનું હતું.' શ્રી અશોકભાઈને ખૂબ જ આનંદ થયો. પોતાને આજે ધ્યાનમાં પૂ. શ્રીની હાજરીમાં દર્શન થયું તેથી ખૂબ સંતોષ મળ્યો. સૌ વિદાય થયા.

આજે પૂ. શ્રીએ સાંજે કેળાં, મમરાનો હળવો નાસ્તો કર્યો હતો જેથી ફક્ત રાત્રે દૂધ પીને આરામ કર્યો.

આ ઉતારાની સામે બાગ જેવી જગ્યા છે. વળી અહીં રોડ-ની સાથે બંને બાજુ માણસોને ચાલવાના પાકા રસ્તાઓ જોવા મળે છે. શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. જેથી પાંદડાંઓ ખરવા લાગ્યાં છે. સૂર્યનો પ્રકાશ પણ મળી રહ્યો છે. આગળના ભાગ-માં બાળકો રમી શકે છે. દરેક ઘરને કાચનાં જ બારીબારણાં હોય છે. પ્રવેશદ્વાર એક કાચનું ને એક મજબૂત લાકડાનું હોય છે. કોઈ કોઈ જગ્યાએ તુલસીદલ પણ જોવા મળે છે. વાતા-વરણમાં એકંદરે શાંતિનો અનુભવ થાય છે. નાના બાળકોને પણ ધીમેથી જ વાતો કરવાની તાલીમ મળી હોય છે. હરિઃ ૐ

**તા. ૩—૧૧—૮૧ મંગળવાર, કારતક સુદ છઠ,**
**વિ. સં. ૨૦૩૮, ટોરન્ટો—કેનેડા.**

આજે રામાયણ લેખનમાં પૂ. શ્રીએ વિભિષણના તિલક પ્રસંગનું કાવ્ય ભાષાંતર કર્યું. તુલસીદાસની રામાયણની ચોપાઈ ને દોહાને ગુજરાતી કવિતામાં ઉતારવું કઠિન છે. એવું



ભગીરથ કાર્ય આઠ માસથી એક સરખી રીતે કરી રહ્યા છે. થાક, કંટાળો, આળસ જરાયે નહીં! દરરોજ નિયમિત લેખન કરવાનું જ! કેવો કર્મયોગ છે!

પૂ. શ્રી કહે છે, 'આજે ભોજનમાં બટાકાવડા જ બનાવો.' જેથી સર્વેશ્વરી ફક્ત બટાકાવડા ને ટામેટાની ચટની બનાવે છે.

આજે આવેલા પત્રોનું વાચન પૂ. શ્રી બેઠક રૂમમાં આંટા મારતા કરી લે છે. ભોજન બાદ પૂ. શ્રી પાગલ હરનાથનું પુસ્તક વાંચે છે. ત્યાર બાદ થોડો આરામ કરે છે. સર્વેશ્વરી ડાયરી નોંધ, 'અધ્યાત્મ'ના ગ્રાહકોની નોંધ વગેરે કરે છે.

સાંજે વાતચીત દરમ્યાન પૂ. શ્રી બેઠક રૂમમાં બેઠા છે અને ત્યાં 'જય શ્રીહરિ'—એટલે કે દુઃખનું, અવિદ્યાનું, અજ્ઞાનનું, હરણ કરનાર, વિયોગનું દુઃખ હરણ કરનારા તે શ્રીહરિ—એ અર્થઘટન પૂ. શ્રીના શ્રીમુખે થયું. વળી આજે એક સત્સંગી બેનનો પગ પ્લાસ્ટરમાં હતો. એ ઉપરથી મસૂરીના ડો. પ્રકાશ, ભાવનગરના શ્રી ભાઈલાલભાઈ, કપૂરાના શ્રી સરોજબેનની વાત નીકળી. જેમાં તે સૌ પોતપોતાની એવી મુશ્કેલી પ્રસંગે કૃપા અનુભવતાં હતાં.

આજે ધ્યાનનો કાર્યક્રમ થયો. લોકો સારી સંખ્યામાં લાભ લે છે. પૂ. શ્રીએ આજે ધ્યાન પછીના નાના વાર્તાલાપમાં 'અચ્યુ-તમ્ કેશવમ્, રામનારાયણમ્, કૃષ્ણ દામોદરં વાસુદેવમ્ હરિં. શ્રીધરં માધવમ્, ગોપીકાવલ્લભમ્, જાનકીનાયકમ્ રામચંદ્રમ્ ભજે' એ આખીયે ધૂનનો અર્થ કહી બતાવ્યો. પાગલ હરનાથ-નો એક પ્રસંગ પણ કહી સંભળાવ્યો.

આજે પૂ. શ્રીએ દૂધ, ચણાનો નાસ્તો કર્યો. આરામ કર્યો. સર્વેશ્વરીએ ડાયરીનાં બે પાનાનું વાચન સુરેશભાઈ વિગેરેને સંભળાવ્યું. પછી આરામ કર્યો. હરિઃ ૐ

**તા. ૪–૧૧–૮૧ બુધવાર, કારતક સુદ સાતમ,**
**વિ. સં. ૨૦૩૮, ટોરન્ટો–કેનેડા.**

આજે એક માસ થયો. એક જ નિવાસ વચ્ચે વચ્ચે એક વાર કોર્નવોલ, મોન્ટ્રીયલ ગયા. દરરોજ પ્રવચન થાય છે. પૂ. શ્રી આજે સૌ પ્રથમ બધી જ કસરત કરી છેવટે શીર્ષાસન કરી લે છે. મંત્રજપ, લેખનમાંથી પૂ. શ્રી સાડા અગિયારે નિવૃત્ત થાય છે.

આ ઉતારાના બેઠક રૂમમાં સૂર્યનો તાપ આવે છે જેથી સર્વેશ્વરી ૧૨૫ માળા ને પાઠનું કામ થયા પછી ત્યાં ડાયરીનું, 'અધ્યાત્મ'ના ગ્રાહકોની નોંધનું કામ કરવા બેઠાં છે. પૂ. શ્રી કહે છે, 'અમે પણ આ રીતે મસૂરીમાં તડકે બેસતા. કેટલીક વાર માતાજી પતરા ઉપર સૂઇ પણ જતાં! એમણે અવસ્થા પ્રમાણે ઘણું સહન કર્યું. મસૂરીની ઠંડી તો અતિશય હોવા છતાં ઠંડી પણ સહન કરતાં.' પૂ. શ્રી હંમેશાં માતાજીને પોતાના દરરોજના જીવનમાં ભૂલતા જ નથી! તો પ્રવચનમાં પણ એ ઉલ્લેખ આવી જાય છે.

આજે ભોજનમાં ખીચડી, શાક લીધું. ભોજન બાદ થોડો આરામ કરી લેખનકાર્ય શરૂ થઇ ગયું. પૂ. શ્રી આજકાલ સુંદરકાંડનું લેખન કરે છે.

સાંજે ધ્યાનનો કાર્યક્રમ થાય છે. આજે ટોરન્ટોના પ્રસિદ્ધ સોલીસીટર શ્રી કિશોરભાઇ તન્ના પૂ. શ્રીને મળવા આવે છે. તેમની સાથે પૂ. શ્રી થોડી વાતો કરે છે.

આજે પૂ. શ્રી ધ્યાન બાદ નીચે રોકાયા છે, ત્યારે સર્વેશ્વરીને શ્રી સુરેશભાઇ પરીખ કહે છે, 'મેં મારા જીવનમાં સૌથી વધારે પ્રેમ જો કોઇને આપી શકાયો હોય તે તે આપને જ છે મા, આપ મારી આંગળી પકડી રાખજો. જો જો આંગળી છૂટી ના જાય. પ્રભુ, આપ અમારા હૃદયમાં જ્યોતિરૂપે રહેજો. મા, મને એમ જ થયા કરે છે કે જાણે બધું છોડીને આપના ને પ્રભુના ચરણોમાં બેસી જાઉં.'



આજે સાડી ખરીદી જેના પૈસા ખૂબ આગ્રહ કરીને ખૂબ ખૂબ સમજાવીને સુરેશભાઇને આપી દીધા. સુરેશભાઇ પરીખ સાડીઓ પોતાના તરફથી ભેટ આપવા માગતા હતા. પણ એમની તો સૌથી મોટી સેવા ટિકિટની તો સ્વીકારી છે. પછી બીજી કેટલીક સેવા લેવી જોઇએ?

આજે પૂ. શ્રીએ ૧. "તારી છેક સમીપ હતું, ૨. એક વરસ તો વીત્યું, ૩. વળાવીને અમે તમને સ્મશાનેથી ગૃહે આવ્યા, ત્રણ ગીતો દૂધ પીધા પછી સંભળાવ્યાં. ત્યાર બાદ આરામ." હરિઃ ૐ (ક્રમશઃ)

## ★ નૂતન વર્ષાભિનંદન ★

આ વર્ષે દિવાળી અને બેસતા વર્ષના તહેવારો તા. ૧૨ નવેમ્બર અને ૧૩ નવેમ્બરે આવે છે. ભારતીય હિન્દુઓનાં તે પવિત્ર પર્વો છે. અધ્યાત્મનો આ અંક સહુ વાંચકોના હાથમાં તે પછી થોડા જ દિવસમાં આવશે. તો સહુને અધ્યાત્મ પરિવાર, દીપોત્સવીની શુભકામનાઓ ને નવા વર્ષના અભિનંદન પાઠવે છે.

નવા વર્ષના મંગલ પ્રારંભે સહુ ઉપર પૂ. મા–પ્રભુના આશીર્વાદ ઉતરો એ જ મંગલ કામના.

–તંત્રી

# પૂ. શ્રી યોગેશ્વરજીની દૃષ્ટિએ શ્રી મા સર્વેશ્વરી

તંત્રી

[પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન ૧૩, નવેમ્બરે આવે છે. તો પૂ. માની આધ્યાત્મિક ઉચ્ચતા કેવી છે, તેનો યોગ્ય પ્રત્યુત્તર તો ગુરુદેવ શ્રી યોગેશ્વરજી જેવા સંત જ આપી શકે. તેથી ભિન્ન ભિન્ન કાર્યક્રમોમાં તેઓશ્રીએ પૂ. મા સર્વેશ્વરી વિષે જે ઉદ્ગારો કાઢ્યા છે, તે અહીં સંક્ષેપમાં રજૂ કરવામાં આવ્યા છે, જેથી વાંચકોને પૂ. માનો યથાર્થ આધ્યાત્મિક પરિચય મળી રહે. આશા છે સહુને તે ગમશે. **—તંત્રી**]

૬—૩—૮૧
મોરબી

### પ્રશ્નના જવાબમાં

૧. હિમાલયમાં ૧૧—૧૨ વર્ષ ઉપવાસ કર્યા ત્યારે એક ભાવના હતી જેમ એકનાથને ત્યાં શીખંડિયાના રૂપે પ્રભુ સામાન્ય રૂપે સાથે રહ્યા ને સેવા કરી તેમ મારી સાથે રહેવા આવે.

તો એ બધી વ્રત—પ્રાર્થના ઉપવાસોનો આ (મા સર્વેશ્વરી તરફ આંગળી ચીંધીને) જવાબ છે.

જે ઓળખશે તે તરશે. એમની જેટલી કિંમત મને છે એટલી કોઇને નથી. એની પાછળ ઉપવાસો પ્રાર્થનાની મોટી ભૂમિકા છે.

માતાજી એક સ્વરૂપે હતાં તે ગયાં, એક ગયાં તો બીજું



સ્થાન લે. એમને જોતાં જ મને એમ જ લાગે કે હું જગદંબા સાથે જ વાત કરું છું. મને કોઇ સામાન્ય સ્ત્રી લાગતી જ નથી. 'મા' ભગવતી જ મારી સાથે છે. એવી મારી ભાવના છે. એવી મારી દૃષ્ટિ છે.

૩૦—૩—૮૧
અમદાવાદ

### પ્રશ્નના જવાબના અનુસંધાનમાં

આ કાંઇ એક જન્મનું થોડું છે? પંજાબમાં, મહારાષ્ટ્રમાં, ગુજરાતમાં દરેક જન્મે સિદ્ધ ભક્ત જ સાથે (મા સર્વેશ્વરી તરફ આંગળી ચીંધીને કહે છે.) એ પણ દરેક જન્મે હતાં. એકવાર છોકરારૂપે પણ આવ્યાં. દરેક વખતે કુમારીરૂપે આવે એવું થોડું છે?

૨૨—૪—૮૧
વડોદરા

'મા સર્વેશ્વરી'ને પણ હવે ત્યાગી, તપસ્વીની સ્ત્રી તરીકે જોવામાં આવે છે. નોકરી છોડી દીધી તો ત્યાગમય જીવન જીવે છે. એટલે જેવો વ્યવહાર ત્યાગીને સંન્યાસી પ્રત્યે કરીએ, તેવો જ વ્યવહાર 'મા સર્વેશ્વરી' માટે પણ જરૂરી છે.

૨—૫—૮૧
સૂરત

### ડો. રમાબેન પૂછે છે

પ્રશ્ન : 'મા સર્વેશ્વરી' પણ જલ્દી જ જાગ્યાને, તેમ ખરું ને?

પૂ. શ્રી : તમને સૌને જલ્દી જાગ્યા એમ લાગે, પણ તમે

તેમની ૧૦ વર્ષની લખાયેલી ડાયરી આ કબાટમાં જ પડી છે તે વાંચો તો ખબર પડે કે એની પાછળ ૧૦ વર્ષની પ્રાર્થના છે. આ જન્મે પ્રભુએ અનુકૂળતા કરી આપી. અનુકૂળતા મળવી એ પણ બેનો માટે મુશ્કેલ ગણાય. બેનોને સમાજનો, ઘરનો, શરીરનો, પોતાના શીલની રક્ષાનો એમ બધો જ વિચાર કરવો પડે. પૂર્વના સંસ્કાર અતિશય બળવાન હોય તો જ જલ્દી જાગ્રત થવાય. એઓ તો પૂર્વે સાધ્વી હતાં. હજારો એમને 'મા' તરીકે પૂજતા, સ્તુતિ કરતા, તો પછી એ વારસો થોડોક તો આ જન્મે પણ આવે ને? જે જીવો પૂર્વે સાથે સંકળાયેલા છે તે તે હવે મળે છે, તે તે તેના (મા સર્વેશ્વરીના) મા—બાપ નથી રાખતા, એટલો પ્રેમભાવ એ બધા નવા નિશાળિયા રાખે છે.

૧૬—૫—૮૧<br>
સાધના શિબિર,<br>
નવરંગપુરા, અમદાવાદ

ૐ

પ્રશ્ન : 'મા સર્વેશ્વરી'એ કેવી સાધના કરી જેથી તમે પ્રસન્ન થયા?

પૂ. શ્રી : ઊઠી શમવે તે સંત, ના ઊઠે તે ભગવંત.

વાસના, ક્રોધ, મોહ ઊઠે ને શમાવે તે સંત. પણ વાસના, ક્રોધ, મોહ વિકાર ઊઠે જ નહીં તે ભગવંત. પવિત્રતા, સંયમ, દૈવીસંપત્તિ જે ગીતામાં છે, તે બધાં જ લક્ષણોથી મને પ્રસન્નતા થાય છે. પ્રેમ, નિષ્ઠા ને ભક્તિભર્યું જીવન 'મા સર્વેશ્વરી'નું જોવા મળ્યું. સાધનાની ધગશ એવા અનેક સદ્‌ગુણો છે જેથી માણસ તો શું, ભગવાન પણ પ્રસન્ન થઇ જાય.



૧૯—૫—૮૧<br>
સાધના શિબિર,<br>
નવરંગપુરા, અમદાવાદ

**બે દિવસ ઉપર માતાજીની વાતો કરતાં<br>
પૂ. શ્રી મા સર્વેશ્વરીને કહે છે.**

પૂ. શ્રી : તમે જો મારા જીવનમાં ન હોત તો, મારો જીવન પ્રવાહ જુદો જ હોત. માતાજી ઉપર મને પ્રેમ હતો. જનની તરીકે નહિ, સાથીદાર તરીકે. તેઓ ગયા પછી શાંતિથી મૌન રાખી દુનિયાથી અલિપ્ત રહેવાનો વિચાર હતો. તમને ઈશ્વરે મોકલ્યાં તેથી મારી વૃત્તિ થોડી જળવાઇ રહી છે. એનાથી સમાજને કેટલો લાભ થયો? વિચારો! મારા વિચાર પ્રમાણે હું કામ કરી શકતે તો તમને આ લાભ મળતે કંઇ?

માતાજીમાં જે જ્યોતિ હતી તે જ જ્યોતિ એમાં ('મા સર્વેશ્વરી'માં) છે. તે જ જ્યોતિ અહીં (યોગેશ્વરજીમાં) પણ છે. જે જે વખતે જેવું કામ તે તે વખતે તેવું સૌ કામ કરે છે. માતાજી ૭૮ વર્ષનાં હતાં, મેં ૭૮ કાવ્યો માતાજી પર લખ્યાં. માતૃપ્રેમથી પ્રેરાઇને એ કાવ્યો લખ્યાં છે. એ રીતે અંજલિ આપી છે. એ માતાજી હતાં. આ 'મા' છે. આ બંને માટે મારે કોઇ દૃષ્ટિભેદ નથી. બહારથી સ્ત્રી તરીકે લાગે, પણ ભગવતી-રૂપે જ હું તેમને જોઉં છું.

# માતૃવાત્સલ્યનો અભિષેક

**શ્રી કલ્યાણ**

[કર્પૂરવનમાં ઉજવાયેલ મા સર્વેશ્વરી સંનિધિપર્વ સ્નેહયજ્ઞ-ની સવિસ્તર વિગતો ડો. બી. જે. જાગાણીની કલમે આલેખાયેલી આપણે વાંચી છે. હવે આ જ ઘટનાઓની રજૂઆતને સંક્ષેપમાં શ્રી કલ્યાણની ભાવવાહી કલમે માણીએ. પૂ. માની હર ક્રિયાને એક અલગ ભાવદષ્ટિથી નિહાળવાની શ્રી કલ્યાણ-ની સૂઝનું આપણને આમાં દર્શન થાય છે, જે ખરે જ માણવાં જેવું છે. **—તંત્રી**]

સ્નેહયજ્ઞ એટલે પોતાના બાલદેવો પર માતૃવાત્સલ્યનો અભિષેક!

અમીરસ પીધો જેણે લેશ,
અમીમય અંતર થયું તેનું,
ભ્રમણા રહીના શેષ.
તનમનના મેલ મટ્યા તેના,
સર્વ કપાયા ક્લેશ. અમીરસ૦

વ્રજની ગોપીઓને કોઈ પૂછે કે રાસલીલાનો પરમાનંદ કેવો? દિલના પ્રશ્નનો ઉત્તર દિમાગ કેવી રીતે આપે? વાણી શું વર્ણવી શકે? એ દિવ્યાનંદની પ્રતીતિ તો દિલ પાસે છે, માણે તે જાણે.

કર્પૂરવનમાં માતૃસાન્નિધ્યે ઉજવાયેલા પ્રેમપર્વનો પરમાનંદ કેવો? એનો ગોપીભાવે કર્પૂરવનની રાસલીલામાં જેમણે રમણ કર્યું છે, તે જ જાણે!

કર્પૂરવનના સ્નેહયજ્ઞનો અમીરસ જેમણે પીધો છે તેમનું અંતર તો તૃપ્તિનો પરિતોષ અનુભવે છે. એ માતૃવાત્સલ્યના



અભિષેકના સ્નાનના લ્હાવાની મસ્તી જેમણે માણી છે, તેમણે તો 'રસો વૈ સઃ' સ્વરૂપ પરમ રસમય માતૃસ્વરૂપની પ્રતીતિની પરમ ધન્યતા અનુભવી લીધી છે.

એ માતૃવાત્સલ્યનો અભિષેક શ્રદ્ધા—ભક્તિ સંપન્ન હૃદયે માતૃચરણનો આશ્રય લઈને છ છ દિવસ સુધી બાળકો માણતાં રહ્યાં છે. છ છ દિવસની એ માતૃવાત્સલ્યવર્ષામાં અંતર ભીંજાય ભીંજાય ને અમીમય બની ગયું. પ્રગટ માતૃસ્વરૂપની પ્રતીતિ અંતરમાં આલેખાઈ ગઈ. માતૃમહિમાનો મહારસ બાળકો માણી રહ્યા. શ્વાસોશ્વાસમાં વ્હાલની વીણા વાગી રહી. આઠેય પ્રહર મંગલમય માતૃદર્શનનો લ્હાવો બાળકો માણતા રહ્યા. બાળકો-ની કર્પૂરવનના પ્રાકટ્યતીર્થની યાત્રા સફળ સફળ બની ગઈ!

આ સ્નેહપર્વ જાણે માનું જ વિશ્વરૂપ દર્શન હતું! અંતરના અંતરપટપર જે આલેખાયેલું હતું તે કર્પૂરવનના રંગમંચ પર પ્રગટી રહ્યું. વિધ વિધ સ્વરૂપે મા જ જાણે પ્રગટી રહ્યાં. માની જીવનપ્રત્યેની દૃષ્ટિનું એ મંગલમય દર્શન હતું. જીવનને વિવિધતાથી શણગારતી કલાનું સુચિતાપૂર્ણ, સુરુચિમય દર્શન હતું. જીવનની પરિપૂર્ણતાનું આહ્લાદક દર્શન હતું. અંતરમાંથી પ્રગટેલી ભાવોની સરસ્વતીમાં પવિત્ર મંગલ સ્નાન હતું. જીવનના વિવિધ રંગોની રંગછટા માણવાનો અદ્‌ભુત અવસર હતો. અંતરના આનંદનો ઉત્સવ હતો. શું ન હતું? બધું જ હતું કારણ કે મા હતાં. માના ઈશસામર્થ્યની અલૌકિકતાને લીધે બધું જ દિવ્ય હતું, ભવ્ય હતું. પૂરણ સ્વરૂપમાંથી પ્રકટેલી પૂર્ણતાના આવિર્ભાવનું પૂર્ણ દર્શન હતું. પણ એ પૂર્ણ પ્રગટ સ્વરૂપને કોણ પૂર્ણપણે જાણી શકે? જેમના પર તેમની કૃપા હોય તે જ.

એ સ્નેહપર્વનું વિગતે વર્ણન તો કેવી રીતે થઈ શકે? જ્યાં એક પછી એક સુંદર દશ્યોની હારમાળા સર્જાતી હોય ત્યાં તેને

માણવું કે વર્ણવવું? આ તો માણ્યું તેનું આછેરું સ્મરણ છે. નૃત્ય, ગાન, વાદન, સંગીત, રાસ, નાટક, યોગ, ભક્તિ, જ્ઞાન, શાસ્ત્રપાંડિત્ય, આરોગ્ય, પ્રાર્થના, અને પ્રણામ સ્વરૂપે જાણે કર્પૂરવનના રંગમંચપરથી રસના પૂર વહી રહ્યાં. જાણે એ પળેપળ ધન્ય બની ગઇ!

એ સ્નેહયજ્ઞના દિવસના આઠેય પ્રહરનું દર્શન કેવું હતું તેની ઝાંખીની આછેરી ઝલક માણીએ.

જે ગૃહમંદિરમાં માનું પ્રાકટ્ય થયું તે ગૃહમંદિરના દર્શનથી કર્પૂરવનનું પ્રભાત પ્રગટતું હતું. આ જ ગૃહમંદિરમાં એક નાનકડું બાળસ્વરૂપ કેવું હસતું, રમતું તો ક્યારેક ગાલ ફુલાવીને કેવી જિદ કરતું હશે તેની મધુર કલ્પનાથી અંતર ભાવવિભોર બની જતું હતું.

પ્રત્યેક પુનિત પ્રભાતે એ ગૃહમંદિરની ગાદીએ મસ્તક ઝૂકાવીને અને માના સ્વજનોના હાથે પ્રભાતનો પ્રસાદ પામીને સૌ બાળકો ધન્યતા અનુભવતાં હતાં.

કર્પૂરવનની ગલીઓ દરરોજ પ્રણામ પ્રભાતવંદનાના મધુરગાનથી ગૂંજી ઊઠતી હતી જે ગૃહ, જે આંગણું અને જે ગલીઓ માના પદસરોજથી પાવન થઇ હતી તે ભૂમિની પવિત્રધુલિની મંગલયાત્રા ભાવિકો માટે ભાવયાત્રા બની જતી હતી. પ્રભાતવંદનામાં ફરીથી જાણે ગોકુલની ગલીઓ સજીવન થઇ ઊઠતી! કર્પૂરવનની ધરા પ્રકટ પરમપુરુષના લીલાધામની રમણલીલાની પરમ તૃપ્તિ ધરતી હતી.

ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુની પ્રણામ પૂજા અને પ્રાર્થનાથી સ્નેહયજ્ઞનો મંગલ પ્રારંભ થતો. પછી તો માતૃદરબાર છેક મોડી રાત સુધી મેઘધનુષી રંગછટ્ટાથી સતત છવાયેલો રહેતો. કોઇ પરમાનંદની મહેફીલમાં સામેલ થયા હોઇએ તેમ કાર્યક્રમો



માણવામાં સમય ક્યાં સરી જતો તેની ખબર જ ના રહેતી!

આ સ્નેહયજ્ઞમાં માતૃદરબારે પધારી કેટલાક મહાનુભાવોએ પોતાની વિશિષ્ટતાઓ માતૃચરણે ધરી, પરમધન્યતા અનુભવી આ રીતે માતૃદરબારની શોભા વધારી વાત્સલ્ય અભિષેકનું ગૌરવ પામી ગયા.

શાસ્ત્રમર્મજ્ઞ શ્રી લક્ષ્મેશભાઇ જોષીસાહેબ માતૃદરબારનું અણમોલ રત્ન છે. વેદ, પુરાણ, દર્શનશાસ્ત્રો અને ઉપનિષદો તેમની જીભના ટેરવે રમે છે. તેમની જુસ્સાભરી ઓજસ્વી વાણી અંતરમાં સીધી જ ઉતરી જાય છે. જેમણે એમને સાંભળ્યા છે તેમને તો શ્રી જોષીસાહેબને જોતાંવેંત જ નચિકેતા, સત્યકામ જાબાલ, વિદૂષી ગાર્ગી, મૈત્રેયી અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ અને બીજા ઘણા શાસ્ત્રકથનો યાદ આવી જાય. તેઓ પ્રામાણિકતા, નીતિમત્તા, સ્વચ્છતા અને સદ્ચરિત્રના પરમ ઉપાસક અને આગ્રહી છે. શાસ્ત્રોના સારરૂપ જીવનોપયોગી સરસ વાતોથી શ્રોતાઓએ ફક્ત શ્રવણની જ સાર્થકતા અનુભવી એટલું જ નહીં, પરંતુ આ સ્નેહયજ્ઞનો પ્રસાદ માની અંતરમાં ઉતારી દીધી. ગાંઠે બાંધી જીવન ભાથું સમૃદ્ધ બનાવી લીધું.

કીર્તન અને સંગીતથી માતૃદરબાર એવો જ ગૂંજતો રહ્યો છે. ગીત, સંગીત અને વાદનના જાદુગર એવા શ્રી આસિત-ભાઇ, શ્રી હેમાબેન અને આલાપભાઇએ સૌને ડોલાવીને મુગ્ધ કરી દીધા. શ્રોતાઓએ પણ તેમને તાળીઓના સંગીતથી વધા-વવામાં કંઇ બાકી ના રાખ્યું. અરે! એ તાલે, એ હલકે, બાળકો ઝૂમી ઊઠ્યાં, નર્તન કરી ઊઠ્યાં! ત્રણ ત્રણ કલાકની એ સંગીત સમાધિનો આનંદ ખરેખર અનેરો હતો. આ પહેલાં પણ માતૃ-દરબારે પધારી વારંવાર કીર્તન, ભજનના દિવ્ય આનંદની ભેટ ધરતા રહ્યા છે. પરમ શક્તિએ બક્ષેલા કંઠમાધુર્યના વારસાને

આજે પણ આ પરિવાર ત્રિપુટીએ એમના જ દરબારમાં મુજરો કરી ઉજાળ્યો.

કર્પૂરવનના રંગમંચપર જેમણે રાસલીલાની અનુભૂતિ કરાવી છે તે કર્પૂરવનનાં જ પનોતાં પુત્રી શ્રી મીરાંબેન તો આ સ્નેહ-યજ્ઞના રંગમંચના પ્રાણસમાન હતાં. બહારથી આવેલા કલા-કારો તો આવે ને જાય, પણ મીરાંબેન તો ઘરનાં જ કલાકાર! તેમના માધુર્યસભર કંઠથી કર્પૂરવનનો રંગમંચ સદાય ગૂંજતો જ રહ્યો છે. એમની ગોપીઓની રાસલીલાથી રસજ્ઞો રોમાંચિત થઈ ઊઠતા! શ્રી મીરાંબેન અને તેમની મંડળી માની પ્રસન્નતા પામી ધન્યતાને વરી ગયાં.

બીજા એવાં જ રાસ અને નૃત્યકલાના મર્મજ્ઞ સુરતની કલાશ્રી સંસ્થાના કલાગુરુ શ્રી ડીમ્પલ કાપડિયા અને તેમના કલાવૃંદે રજૂ કરેલી રાસ નૃત્ય અને ગીતની મધુરિમા અને કમનીયતાએ સૌના દિલને જીતી લીધાં. એમની અભિનય-કલાના ઉજાશે સૌને મંત્રમુગ્ધ કરી દીધા! માતૃદરબારને જાણે ઝાકમઝોળ કરી દીધો!

માતૃચરણે પોતાની નૃત્યકલા ધરતાં પરમ ધન્યતા અને ગૌરવ અનુભવતાં શ્રી મીનળબેને પોતાનાં શાસ્ત્રીય નૃત્યો રજૂ કરીને માતૃદરબારની શોભાને ચાર ચાંદ લગાવી દીધા. શ્રી મીનળબેન માતૃચરણે બેસીને નૃત્યકલાના માધ્યમદ્વારા ઈશઆરા-ધના કરી રહ્યાં છે. ભારતથી છેક દૂર સીંગાપુરમાં નૃત્યકલાની ધૂણી ધખાવીને બેઠાં છે, પણ મનથી માતૃચરણને વરેલાં છે.

કીર્તન સાથે કથા કરવાનો આપણી પ્રાચીન ધાર્મિક પરંપરા-નો અદ્ભુત વારસો આજે પણ ગુજરાતના એકમાત્ર પ્રસિદ્ધ માણભટ્ટ શ્રી ધાર્મિકલાલ પંડ્યા સાચવી રહ્યા છે. માણના રણ-કાર સાથે ભાવથી હરિકથાનું માધુર્ય સભર કંઠે ગાન કરતા તેઓ



વિરલ કથાકલાકાર છે. સંગીતકલામય કથા તેમનું આગવું વિશિષ્ઠ પ્રદાન છે. માતૃદરબારે ‘કુંવરબાઈનું મામેરું’ રજૂ કરી સૌને ભક્તિભાવમાં તરબોળ કરી માતૃદરબારે રંગત જમાવી દીધી!

અમેરિકા લોસ એંજલસથી પધારેલા એક જ પરિવારના બાળકોએ પૂ. શ્રી મા અને ગુરુદેવ પ્રભુના લીલાપ્રસંગો નાટ્ય-રૂપે રજૂ કરીને સૌના મન મોહી લીધાં! પૂ. શ્રી માની પ્રસન્નતા-નો તો કોઈ પાર ન હતો. એ બાળકોના ખંત અને હોંશની તો શું વાત કરવી? ગુજરાતી જાણતાં ન હોવા છતાં તેઓ એટલી સહજતાથી સંવાદ બોલતાં હતાં કે જાણે ગુજરાતી જ તેમની માતૃભષા ના હોય? છ યે છ દિવસ તેમના અભિનયનાં ઓજસ્ પાથરીને રંગમંચપર માતૃદરબારની શાન વધારી દીધી. સૌ બાળકો માની પ્રસન્નતા પામી કૃતાર્થ થયા.

અધ્યાત્મ લેખિકા અને ગુજરાતીભાષાનાં સાક્ષર શ્રી તરલા-બેન માતૃદરબારના અનિવાર્ય અને આદરણીય સ્વજનનું બિરુદ ધરાવે છે. જનસમાજમાં જ્યાં જ્યાં માનો સહજ લીલાવિહાર થતો હોય છે ત્યાં ત્યાં તરલાબેનની છડી વિના માતૃદરબાર જાણે ફીક્કો લાગે છે. ‘પોયણું પ્રાંગર્યું’ના પ્રકાશનનો સઘળો યશ શ્રી તરલાબેનના ફાળે જાય છે. સ્નેહયજ્ઞમાં તેમણે આપેલી આ આહુતિને બાળકો કદીકાળે વિસરવાનાં નથી. પ્રગટેલાં પોયણાની દિવ્ય સુગંધ જનસમાજમાં ફેલાવવાનું અગત્યનું કાર્ય તેઓ કર્યા કરે છે. માના પરમ વ્યક્તિત્વની ગરિમા અને મધુરિમા તેમની અધ્યાત્મરંગે રંગાયેલી ઓજસ્વીવાણીમાં અનુપમ અને અનોખી રીતે વહ્યા કરે છે. આ સ્નેહયજ્ઞમાં માના ઈશસામર્થ્યના મહિમાની ગૌરવ મંડિત ગુણગાથા તેમણે આર્ષદૃષ્ટિથી આલોકિત વાણીદ્વારા અદ્ભુત રીતે પ્રકાશિત કરી.

શ્રી જગદીપભાઈ અને શ્રી નયનાબેનના ઉમદા અને ઉદાર-ચરિત વ્યક્તિત્વની વાતો કેવી રીતે કરવી? આ પ્રેમાળ દંપતીએ જાણે મા માટે સરફરોશી વહોરી લીધી છે! જેમ માતૃભૂમિની મુક્તિ માટે શહીદોએ સરફરોશીની તમન્નાનો વિરત્વભર્યો ઈતિહાસ સર્જી દીધો છે તેમ આ દંપતીએ આ પરમમાતા માટે જાણે પ્રાણ પાથરવાનો નિર્ણય લઈ લીધો છે. માનો પડ્યો બોલ જીલવા હમેશાં તૈયાર રહે છે. સ્નેહયજ્ઞનું આટલું વિરાટકાર્ય એકલે હાથે પાર પાડવું તે મા માટેના અંતરમાં પડેલા પ્રબળ ભક્તિભાવનું દર્શન છે. આ પહેલાં ઓઝોના શિબિરનું આયોજન પણ તેમની મા પ્રત્યેની ભક્તિ-ભાવભરી ઉદારતાનું પ્રતીક છે. શ્રી જગદીપભાઈ અને શ્રી નયનાબેને એવું સર્વોત્તમ સત્કાર્ય કર્યું છે કે એમના સમર્પણને કયા શબ્દોમાં વધાવવું તે શબ્દોની સીમાની પેલેપારનું વર્ણના-તીત અવસ્થાનું છે. માની કૃપા, માની રહેમદૃષ્ટિ, માની પ્રસન્નતા તેમનો દિવ્ય ખજાનો બની રહો તેવી પ્રાર્થના કર્યા વગર રહી શકાતું નથી.

આ સ્નેહયજ્ઞમાં રક્તદાનના સેવાયજ્ઞે પણ અનોખી ભાત પાડી. આ પહેલાં રાજકોટમાં પણ પૂ. શ્રી માએ રક્તદાનનો સેવાયજ્ઞ રાખેલો. કોઈને નવજીવન ધરતા સેવાયજ્ઞોનું આયો-જન પૂ. શ્રી મા કરતાં રહે છે. આ રક્તદાનના સેવાયજ્ઞમાં ૧૧૧ ભાઈબહેનોએ રક્તદાન કર્યું. પૂ. શ્રી મા જનસમાજની સેવાનું જે જે આયોજન કરે છે તેને માની આજ્ઞા માની બાળકો ઉમંગથી વધાવી લે છે. બાળકોને માની આજ્ઞા પાળવાનો હૈયામાં અનહદ ઉમંગ હોય છે.

આ સ્નેહયજ્ઞમાં સ્નેહ સિવાય બીજું કશું જ ન હતું. આ સ્નેહયજ્ઞ એટલે,



- પૂ. શ્રી મા અને ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુની છત્ર-છાયામાં ઉજવાયેલો સ્નેહનો પરમ ઉત્સવ.
- માના આઠેય પ્રહરના દર્શનનો લખલૂંટ લ્હાવો.
- માના દેશવિદેશના બાળપંખીઓનો મધુરો કલરવ.
- કર્પૂરવન અને વૃંદાવનનું સામંજસ્ય. (સરખાપણું)
- ભગવાન અને ભક્તના પરમભાવનું વિરલ દર્શન.
- માની વાત્સલ્યવર્ષામાં ભીંજાવાનો અનેરો લ્હાવો.
- માની વાત્સલ્ય હૂંફે ખીલી ઊઠેલાં સુવાસિત બાલ-સુમનોની સૃષ્ટિ.
- પ્રેમ, પ્રસન્નતા અને પવિત્રતાનો પ્રયાગરાજ.
- ગીત, સંગીત અને નૃત્યકલાનો ત્રિવેણી સંગમ.
- દુહા, લોકગીત અને લોકવાર્તાની રમઝટ.
- યોગાસનોની વિરલ સાધનાનું અનોખું દર્શન.
- ડો. હિમાંશુદ્વારા આરોગ્યગંગાનું અવતરણ.
- માના વરદહસ્તે પ્રસાદનો વરસાદ.
- સંતોનું આદરસાથે સન્માન.
- માના સ્વજનોનું વિનય, નમ્રતા, વિવેકયુક્ત ઉદારચરિત-નું અનુપમ દર્શન.
- સ્વજનોના માતૃચરણે બેનમૂન સમર્પણભાવનું દર્શન.
- કર્પૂરવનના તીર્થવાસીઓનો અપૂર્વ આતિથ્યભાવ.
- ભોજન અને ભજનનો અમુલખ થાળ.
- કર્પૂરવનના પાવન પ્રાકટ્યતીર્થમાં પ્રગટ પરમશક્તિના દર્શનનો વિરલયોગ.
- પાર્થ, પૂજા, દિશા, રાધિકા, સુકૃતિ અને તીર્થા જેવા

સંસ્કાર દીપકોનું પ્રકાશ દર્શન.

● નામી અનામી અનેક સેવકોના વિરલ સેવાભાવનું દર્શન.

કર્પૂરવનની પ્રાકટ્યતીર્થભૂમિમાં પોતાના બાળદેવોને શ્રી ચરણોની ધૂણીમાં આળોટવાનું સૌભાગ્ય ધરી, વાત્સલ્ય અભિ-ષેકની ધારામાં સ્નાનનું પરમ સુખ ધરનાર આ સ્નેહયજ્ઞનો પ્રાણ એટલે મા.

તમારા વ્હાલની વીણા,
ગઇ જેને હૃદય વાગી,
થયા તે ધન્ય જીવનમાં,
તમારા એક અનુરાગી.

જીવનમાં સાંસારિક પદાર્થો ને ઇચ્છાઓને પોતાનું સ્થાન જરૂર છે, પરંતુ તે ઇચ્છાઓ ને પદાર્થોની આડમાં પરમાત્માની પ્રાપ્તિનું મુખ્ય જો મહત્ત્વનું કામ ભૂલાઇ ના જાય તેનું ખાસ ધ્યાન રાખવાનું છે. – યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઇલ : ૩૧૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# હૈયું ભીનું થયું, કર્પૂર વનના આંગણે

**શ્રી સંજય પંડ્યા**

સુરત જિલ્લાના વ્યારા તાલુકામાં કપૂરા ગામ છે, પણ એને હવે કર્પૂરવન એવું મધમીઠું નામ મળ્યું છે. આ ગામ અનોખું છે. સમસ્ત ગુજરાતમાં ને કદાચ ભારતમાં પણ ગામની સ્મશાન ભૂમિને 'સ્થિત્યંતર' એવું માર્મિક, અર્થસભર નામ આપવાવાળું કદાચ કપૂરા એક હશે. આ ગામમાં મા લક્ષ્મીના ચારેય હાથ છે. એક પરિવાર દીઠ એકાદ બે જણ તો પરદેશ ખૂંદવા નીકળી જ ગયેલા હોય. પાણીની છત વાળી ખેતી, આંબાવાડિયા અને લીલાંછંમ ખેતરો અને એવા જ લીલાંછંમ કોળેલા કર્પૂરવનના માનવીયુંનાં મનડાં. એટલે જ કદાચ વસુંધરાને તથા એના સમસ્ત જીવોને વહાલથી નવડાવવાનું એકમાત્ર 'મિશન' લઇને પ્રગટનાર પજ્ય મા સર્વેશ્વરીએ પોતાના પ્રાગટ્ય માટે આ ગામને નિમિત્ત બનાવ્યું હશે.

કર્પૂરવન તા. ૨૩–૧૨–૦૩ થી તા. ૨૯–૧૨–૦૩ સુધી હરખ હિલોળે ચડેલું છે. એના કણ કણમાંથી પૂજ્ય માએ પોતાના અવતરણ માટે આ ધરાને પસંદ કરી એ માટે કૃતજ્ઞતા-ના ઓઘ ઉછળતા અનુભવાય છે. આ લખનાર અને એના જેવા બીજા સેંકડો લોકોનો અનુભવ છે કે આ ૬ દિવસની કર્પૂર વનની સંનિધિ માણનાર તમામે સ્મિત સિવાય કશું જોયું નથી, ઉમળકા સિવાય કશું સાંભળ્યું નથી અને આનંદ સિવાય કશું માણ્યું નથી.

આ અવસર હતો પૂજ્ય મા સર્વેશ્વરી સંનિધિ પર્વ નિમિત્તે

કર્પૂર વનના આંગણે યોજાયેલ 'સ્નેહ યજ્ઞનો'. અનેક પ્રકારના યજ્ઞો જોનાર, જાણનારા એવા આપણને 'સ્નેહ યજ્ઞ' નામથી આશ્ચર્ય થાય કે નહીં? થાય. પણ પૂજ્ય માની અદા અનોખી છે. એની આંતરિક અનુભૂતિનું સૌંદર્ય અત્યંત મહિમાવાન છે તો એ અનુભૂતિ સાગરમાંથી મળેલા આનંદના સાચકલાં મોતીરૂપી અનુભૂતિના બિંદુઓને વહેંચીને 'ગમતું મળે તો ગુંજે નવ ભરિયે, ગમતાંનો કરિયે ગુલાલ' કરવાની રીત પણ અલૌકિક છે. પૂજ્ય માનું અધ્યાત્મ જીવનથી વિમુખ કરનારું નહીં પણ જીવનને ઉજાળનારું.એના તમામ ક્ષેત્રોમાં રસ ભરનારું અને એના સર્વાંગી વિકાસ પ્રતિ પ્રેરણા આપનારું છે અને એટલે જ જીવનના તમામ ક્ષેત્રો જેવાં કે આરોગ્ય, ધર્મ, સંસ્કૃતિ, સેવા, જ્ઞાન, ભક્તિ અને કર્મના તાણાવાણા ગૂંથી અજોડ એવા આ કાર્યક્રમનું આયોજન થયેલું છે. એમાં બહુશ્રુત વિદ્વાનોનાં વ્યાખ્યાનો છે, તો યોગના અદ્‌ભુત પ્રયોગો પણ છે. આરોગ્ય વિજ્ઞાનને સ્વાનુભૂતિથી પચાવનારાની અનુભવગમ્ય વાતો છે, તો આરોગ્ય તથા યોગને વિજ્ઞાનના ત્રાજવે તોળી એના લેખાજોખા કરનારી વિજ્ઞાનીની ગોઠડી પણ છે. ગુજરાત-ની પ્રાચીન આખ્યાન શૈલીની આગવી ઓળખ જાળવી રાખ-નાર માણભટ્ટનું 'કુંવરબાઈનું મામેરું' છે, તો ભારતના સાંસ્કૃતિક વારસાની નૃત્ય સમૃદ્ધિને એના મૂળ પોતને અસર કર્યા વિના આજની પેઢી સમજે તે રીતે થતી અદ્‌ભુત નૃત્યોની રજુઆત છે, તો ગરવી ગુજરાતના ગરવા રાસ ગરબા પણ છે. અરે! આદિવાસીઓના ઝૂમતાં ગાતાં નાચતા નૃત્યો છે અને એની સાથે એમના પારંપારિક વાદ્યોનો વૈભવ પણ છે. સુગમ સંગીત, ગીત અને ભજનને અવનવા અંદાજમાં અત્યંત સુરુચિ



પૂર્ણ રીતે રજુ કરી શ્રી આસિતભાઈ અને હેમાબેન દેસાઈ શ્રોતાઓનાં મન પર સ્વરોની રંગોળી પૂરી રહ્યા છે. સાથે પરમ પૂજ્ય યોગેશ્વરજીના મહાન જીવનના વિશાળ અનુભૂતિ ફલકમાંથી ચૂંટી કાઢેલા ખાસ પ્રસંગોને ગુજરાતી ભાષામાં રજૂ કરનાર પૂજ્ય માના લાડલાં દરિયાપારના દેશોના બાળકોના અત્યંત શિસ્ત અને સુંદર નાટ્ય સંયોજનભર્યા કાર્યક્રમો પણ છે, અને એ પણ યાદ રાખવું રહ્યું કે, આ એ બાળકો છે કે જેઓ માટે ગુજરાતી સ્વભાષા નથી, છતાં ગુજરાતી ભાષાને ગમે એવી એમની રજુઆત છે. આ સ્નેહ યજ્ઞમાં ધૂન છે, કીર્તન છે, નર્તન છે અને એ તમામના મધ્યમાં જીવનના ઘડતર માટે ધ્યાન અને અધ્યાત્મના જટિલ સ્વરૂપને સાવ સરળ બનાવતાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો છે. એમાંય આ તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી પોતાની મસ્તીમાં મસ્ત રહેનારા પૂજ્ય માએ પોતાની 'સંદેશવાહિની (સ્લેટ)' પર લખેલા પ્રેરણાદાયી વિચારો વાંચી સંભળાવવામાં આવે ત્યારે જીવનને સાચું ભાથું મળી જતું હોય છે.

આ સ્નેહ યજ્ઞમાં પૂજ્ય માના જીવન, કવનને ઓળખવામાં આછેરી મદદકર્તા એક પુસ્તક 'પોયણું પાંગર્યું'નું વિમોચન કરવામાં આવ્યું. એના સિદ્ધહસ્ત વિદ્વાન પરંતુ સંવેદનશીલ લેખિકા તરલાબેને પરમ પૂજ્ય માના બાળપણના જીવન પ્રસંગોને ખૂબ સુંદર રીતે ગૂંથ્યા છે. ઉપરાંત નિર્જલા ઉપવાસી રહીને સમુદ્ર તટથી ૫ થી ૭ હજાર ફીટ ઊંચા પથરાળ અને કઠિન દશરથાચલ પર્વત પરની પરમ પૂજ્ય ગુરુદેવ યોગેશ્વરજીની તપોભૂમિની પરમ પૂજ્ય માએ ખુલ્લા પગે કરેલ યાત્રાનું વિડીયો દર્શન અને પૂજ્ય માના બાળપણના પ્રસંગોનું

નાટ્ય નિરૂપણ એ આ કાર્યક્રમનું નજરાણું હતું.

આ 'સ્નેહ યજ્ઞ'ની વિશ્રામ તથા ભોજનની વ્યવસ્થા સંપૂર્ણ પારિવારિક ઢબની હતી. કર્પૂર વનના ગ્રામજનોએ પોત-પોતાના રહેઠાણોમાં ગામે ગામથી આવેલા ભાવિકજનોને ઉતારો આપ્યો હતો અને પ્રેમાળ સરભરા કરી હતી. આ કાર્યક્રમમાં રક્તદાન શિબિર યોજાઇ ગયો તેમાં ૧૧૦ થી વધારે રક્તદાતાઓએ પૂજ્ય માની પ્રેરણાથી રક્તદાન કરેલું, કોઇ પણ પ્રકારના પ્રચાર, પ્રસિદ્ધિની ઝાકઝમાળ વગરના આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઇ અને છેલ્લે મધરાતના ત્રણેક વાગ્યા સુધી ધૂન, ભજન અને સાત્ત્વિક મનોરંજન કાર્યક્રમોનો રસથાળ પીરસાયેલો. એ અરસામાં પરમ પૂજ્ય માએ અત્યંત આનંદ વિભોર થઇ સમગ્ર પરિસરની પગે ચાલીને પ્રદક્ષિણા કરેલી. એ ક્ષણો અનોખી હતી. એ વખતે એમના અંતરતમમાંથી સમગ્ર સંસાર માટેની મંગલ કામનાના પ્રબળ સંકલ્પોના ઓઘ ઉછળતા સૌએ અનુભવ્યા હતા.

આ 'સ્નેહ યજ્ઞે' અમને કાયમ તાજી રહે તેવી સ્મૃતિઓ આપી છે. આ 'સ્નેહ યજ્ઞ' પછી અંતરમાં ઉઠેલી અનેક ઉર્મિઓ પૈકીની એક હતી—

**"આપની સ્નેહ વર્ષા કદી બંધ હતી જ નહીં,**
**મેં જ મારી હૃદયની છત્રીને ખુલ્લી કરી હતી!"**



# સેવામૂર્તિ શ્રી બાબુભાઇ વ્હોરા

**મા સર્વેશ્વરી**

(ફેબ્રુઆરિ, ૧૯૮૦ ના અધ્યાત્મના અંકમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ લખેલ 'સેવામૂર્તિ શ્રી બાબુભાઇ વોરા' વિષેનો લેખ અહીં ફરી છાપ્યો છે. તેઓના જે ગુણો અને સેવાભાવનાની સરાહના તે લેખમાં કરવામાં આવી છે, તે ૨૪ વર્ષો પછી યથાર્થ પૂરવાર થયેલ છે, તેનું દર્શન થતાં આનંદ થાય છે. —તંત્રી)

નિવૃત્ત સરકારી અમલદાર. ખાદીનો સાદો વેશ. શાંત ગંભીર મુખ. મૂંગે મોઢે કોઇનું પણ કામ સેવાભાવે કરી છૂટવાની ભાવના. માન, પ્રશંસા કે પદની અપેક્ષા નહીં. થાક, આળસ, કંટાળાનું તો નામનિશાન નહીં. ૬૬ વર્ષની મોટી ઉંમરે પણ યુવાનોને શરમાવે એવો ઉત્સાહ—નવી નવી સેવાની પ્રવૃત્તિઓ કર્યે જ જવાનો સ્વભાવ—અને પૂ. શ્રી યોગેશ્વર જેવા સમર્થ મહાપુરુષની તન, મન, ધનથી સેવા કરવાનો જ જેમનો જીવનમંત્ર હોય એવા એક વ્યક્તિવિશેષના પરિચયમાં હમણાં જ સવિશેષ આવવાનું બન્યું. ત્યારે મને લાગ્યું કે સાચે જ એ અમદાવાદનું મહામૂલું છતાં છૂપું રત્ન છે. એમનું શુભ નામ શ્રી બાબુભાઇ વોરા.

શ્રી બાબુભાઇ અમદાવાદમાં ૪૦ વર્ષોથી રહે છે, છતાં હજી તો ત્રણેક વરસ ઉપર જેમણે પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો સાંભળ્યાં, અને દિવ્ય જીવન સંઘે ફરી એ પ્રવચનો ગોઠવવાની અશક્તિ દર્શાવી ત્યારે એ સત્સંગને લોકકલ્યાણ-અર્થે પણ ચાલુ રાખવા એકલે હાથે જ પૂ. શ્રીનાં પ્રવચનો

ગોઠવવાની ભાવના એમના મનમાં જાગી. સાથે જ, એમણે એકલે હાથે ૧૯૭૭ ના મે માસમાં પ્રથમ વાર સ્વતંત્ર રીતે સમર્થેશ્વર મહાદેવમાં પ્રવચનો ગોઠવ્યાં : ત્યારથી અત્યારસુધી વરસમાં બે વાર નિયમિત રીતે એ પ્રવચનો ગોઠવાયા જ કરે છે. પ્રથમ વારનાં પ્રવચનોની સાથે જ એમણે પૂ. શ્રીની પ્રેરણાથી એક ધ્યાનકેન્દ્ર સમર્થેશ્વર મહાદેવમાં શરૂ કર્યું. એ એક ધ્યાનકેન્દ્રની પ્રવૃત્તિ આજે તો વિકાસકૂચ કરીને પાંચ પાંચ ધ્યાનકેન્દ્રો સુધી પહોંચી ગઇ છે! એ જ અરસામાં મહાત્મા યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના પણ એમના સહકારથી થઇ. કોઇ પણ જાતના અનુભવવિના કોઇ પણ શિબિરમાં ભાગ લીધાવિના, પૂ. શ્રીના સાંનિધ્યે યોજાતી છઠ્ઠી ધ્યાન-સાધના શિબિર અમદાવાદને આંગણે જ થાય એથી એમણે જ હિંમત કરી. એમને કોઇકે પૂછ્યું કે, “તમને શિબિરનો તો અનુભવ નથી, તો તમે શિબિર કેવી રીતે કરી શકશો?” તેમણે નમ્રતાપૂર્વક શ્રદ્ધાભક્તિ સાથે જવાબ આપ્યો કે, “યોગેશ્વરજી-ની કૃપાથી સર્વપ્રકારની અનુકૂળતાઓ થઇ રહેશે અને શિબિર સફળ થશે જ.” એ શબ્દોમાં એમની શ્રદ્ધાનો રણકો વરતાતો હતો. અને સાચે જ શિબિર સફળ થઇ. એ રીતે એમની શ્રદ્ધા-ભક્તિ વધતી જ રહી છે.

પૂ. શ્રીના પરદેશ પ્રવાસના પ્રથમ વિદાય સમારંભ અને ફરી ભારત આવ્યા ત્યારે પ્રથમ સત્કાર સમારંભ યોજવાનો યશ પણ એમને જ ફાળે જાય છે. ગુરુપૂર્ણિમાના પવિત્ર પ્રસંગે પૂ. શ્રી વરસોથી હિમાલય જ હોય છે. પરંતુ આ વરસે પ્રથમ વાર પૂ. શ્રી અમદાવાદ હોઇ, ૧૯૭૯ નો ગુરુપૂર્ણિમાનો પ્રથમ જાહેર ઉત્સવ યોજવાનું ઉત્તમકાર્ય પણ એમણે જ કર્યું. આમ



એક પછી એક પ્રવૃત્તિના પ્રેરક, સર્જક અને આધારસ્તંભ બાબુભાઇ જ બની ગયા.

૧૯૭૯ ની સાતમી ધ્યાનસાધના શિબિર મોરબીમાં થઇ, ત્યાં બાબુભાઇએ સાધક તરીકે ભાગ લીધો. શિબિર પછી તરત જ અમદાવાદમાં પૂ. શ્રીનાં પ્રવચનો હોવાથી, મને પણ પૂ. શ્રી સાથે અમદાવાદ આવવાનું ખાસ આમંત્રણ આપ્યું. અને પ્રથમ વાર અમદાવાદમાં પૂ. શ્રીનો અલગ ઉતારો ગોઠવવાની નૈતિક હિંમત પણ એમણે જ કરી.

એમની સેવાના મંગલમય મંદિરના ઘુમ્મટ ઉપર સુવર્ણ કળશ ચઢાવે એવો પ્રસંગ એ પછી બન્યો. તારીખ ૮—૧૧—’૭૯ ના રોજ પૂ. શ્રીનાં પ્રવચનો પૂરાં થયાં, બીજે જ દિવસે પૂ. શ્રી હૃદયરોગના પ્રથમ હુમલાનો ભોગ બન્યા ત્યારે પણ તરત જ, ડોક્ટરી તપાસ કરાવવાની ને વિવેકાનંદ હોસ્પિટલમાં ખસેડવાની પ્રવૃત્તિ પણ બાબુભાઇએ જ પ્રેમપૂર્વક ઉપાડી લીધી. તે જ રાતે એક નાનકડી શેતરંજી લઇને સૂવા માટે હોસ્પિટલમાં પણ આવી પહોંચ્યા. પલંગ હોવા છતાં નીચે જ સૂવાનો આગ્રહ તેમણે ચાલુ રાખ્યો. એવી એમની સાદાઇ.

તા. ૧૫—૧૧—’૭૯ ની મોડી રાતે પૂ. શ્રીને બીજો હુમલો થયાની જાણ થતાં, તુરત જ પોતાના ડોક્ટરપુત્રને લઇને આવી પહોંચ્યા. શહેરના સર્વશ્રેષ્ઠ ડોક્ટરોને તાત્કાલિક બોલાવી ઉત્તમ સારવાર કરાવી; અને તે જ દિવસથી પૂ. શ્રીની તથા સાથે સેવા કરનારાઓની ભોજનની વ્યવસ્થાનો ભાર પણ સ્વેચ્છાએ સેવાભાવે ખૂબ આગ્રહ કરીને એમણે ઉપાડી લીધો. જે આજે પણ ચાલુ જ છે.

પ્રસંગો ખૂબ નાના હોય છે; પણ એમાંથી વ્યક્તિના

ચારિત્ર્ય અને ગુણોનું દર્શન થતું હોય છે. એવા કેટલાક પ્રસંગો જોવા મળ્યા.

એમની અગમચેતી તો જુઓ! તા. ૭–૧૨–'૭૯ ના રોજ પૂ. શ્રીને હોસ્પિટલમાંથી રજા મળી ત્યારે પણ એમણે જ અમદાવાદ જેવા શહેરના શાંત વિસ્તારમાં મળવો અતિમુશ્કેલ એવો ચારૂલ ફ્લેટ પૂ. શ્રીના આરામ માટે મેળવી લીધો! અને ત્યાં પણ પૂ. શ્રીના મેડિકલ ચેક–અપ માટે પૂરતું ધ્યાન આપવા નિયમિત ડોક્ટરી તપાસની વ્યવસ્થા અને જરૂર પડ્યે મોટા કન્સલટન્ટોની વ્યવસ્થા પણ આ વ્યક્તિવિશેષે ગોઠવી રાખેલી.

પૂ. શ્રીની માંદગી પહેલાં જ બાબુભાઇએ પોતાના સંચાલન હેઠળ બાર જ્યોતિર્લિંગોની યાત્રાનું આયોજન કર્યું હતું. પરંતુ પૂ. શ્રીની માંદગીને કારણે આર્થિક નુકસાન વેઠીને પણ એમણે એ યાત્રા બંધ રાખી. એ અંગે વાત નીકળતાં બાબુભાઇએ કહ્યું, ''આ પણ (પૂ. શ્રીની સેવા) યાત્રા જ છે ને! સ્વામીજી સારા થઇ જાય પછી યાત્રાએ ક્યાં નથી જવાતું?'' કેવી ઉમદા લાગણી!

આટલી મોટી ઉંમરે પણ પોતાનો ગમે તેવો વજનદાર સામાન પણ શ્રી બાબુભાઇ જાતે જ ઊંચકવાનો આગ્રહ રાખે, હોસ્પિટલમાં લીફ્ટની સગવડ છતાં કદી રાહ ન જોતાં ત્રણ–ત્રણ દાદર સામાન સાથે જ ચઢી જવા જેટલી તન્દુરસ્તી. ધ્યાનકેન્દ્રો કે પ્રવચનસ્થળોએ પાથરણાં પાથરવાં, કે ઝાડુ કાઢી નાંખવું, કે માઇક ગોઠવવાનું કામ કરવામાં જરા પણ ખચકાટ કે નાનમ ન અનુભવે. પોતાના સહકાર્યકર્તાઓ કે સમકક્ષ કોઇ પણ આવે તો, પોતાની બેઠક તુરત આપી દેવા જેટલી સાહજિક નમ્રતા.



હોસ્પિટલમાં કે ચારૂલ ફ્લેટમાં ઉપર બહારગામથી આવ-નાર દર્શનાર્થીઓને પોતાને ઘેર જ ભોજન ને ઉતારા માટે લઇ જવાનો એઓ સતત આગ્રહ રાખે છે. આ યુગમાં આવા અ-સાધારણ અતિથિસત્કારની ભાવનાવાળા ભદ્રપુરુષ તો કોઇક જ જોવા મળેને!

પોતાના જીવનમાં બનતા પ્રસંગોને કે અનુકૂળતાઓને તેઓ પૂ. શ્રીની કૃપાનું પરિણામ માને છે, ત્રણ જ વરસના અલ્પ સમયમાં કેવી અનન્ય શ્રદ્ધા અને કેવી અનેકવિધ પ્રવૃત્તિઓ! એ તો પૂ. શ્રીના શબ્દોમાં કહીએ તો ''બાબુભાઇ તો દેવપુરુષ છે, દેવપુરુષ. એવા પુરુષો સમાજમાં વિરલ જ હોય છે.''

શ્રી બાબુભાઇમાં અનેકવિધ કાર્યોમાં એકસરખો ઉત્સાહ, રસ, શ્રદ્ધા ને સેવાભાવ જણાયો છે. એ તો સમજી શકાય કે કુટુંબની એક વ્યક્તિને કોઇ સંતમહાત્માની સેવામાં રસ હોય, પણ આ તો બાબુભાઇનું આખું કુટુંબ સેવાભાવથી સદા તત્પર.''સ્વામીજીની આવી સેવાનું સદ્ભાગ્ય અમને ક્યાંથી મળે?'' આ એમની ધર્મપત્ની મધુબેનના ઉદ્ગાર! કેવું વિરલ સેવાપરાયણ કુટુંબ!

શ્રી બાબુભાઇનો નિત્યક્રમ પણ જાણવા જેવો છે. સવારે ૪–૩૦ વાગ્યે ઊઠી જવું, નિયમિત દેવસેવા કરી મહાદેવનાં દર્શને ૬–૪૦ વાગ્યે પહોંચી જવું. ત્યાંથી વળી ધ્યાનકેન્દ્ર અથવા સંન્યાસ આશ્રમમાં કથાશ્રવણ કરવા ઉપડી જવું. વળી ૧૦–૦૦ વાગ્યે પાછા પૂ. શ્રી પાસે ભોજનની સેવા માટે હાજર થઇ જવું. ૧૧ થી ૫ સુધી અમદાવાદની 'અજોડ ડેરી'ના જનરલ મેનેજર તરીકે સરકારે આગ્રહ કરીને સોંપેલી ખાસ ફરજ ઉપર હાજર રહી કાર્ય કરવું. સાંજે ૬ વાગ્યાથી

ફરી પૂ. શ્રીની સેવામાં હાજર થઈ મોડી રાતે ઘરે જવું. આ છે એમનો પ્રેરક નિત્યક્રમ.

હવે શ્રી બાબુભાઈની ઈચ્છા આધ્યાત્મિક રીતે આગળ વધવાની અને સેવાની વિવિધ પ્રવૃત્તિમાં વધુ રસ લઈ શકાય, એ હેતુથી ડેરીની જવાબદારીમાંથી છૂટા થવાની છે.

હજી તો ધ્યાનકેન્દ્રોનાં અલગ મકાનો અને પૂ. શ્રીના અલગ સ્વતંત્ર નિવાસની યોજના એમના શ્રદ્ધાળુ હૃદયમાં આકાર લઈ રહી છે.

સેવાની કોઈ પણ પ્રવૃત્તિ પદ, પ્રતિષ્ઠા કે પૈસાની અપેક્ષા વિના, શ્રદ્ધા ને નિષ્ઠાથી તેઓ કર્યે જ જાય છે. એઓ કહે છે કે ‘‘આપણે તો નિમિત્ત માત્ર છીએ. આપણને નિમિત્ત બનાવી પૂ. શ્રી યોગેશ્વરજી જ બધું કાર્ય કરી રહ્યા છે. એથી આપણે તો એ કાર્ય રસપૂર્વક કરી છૂટવાનું જ છે.’’

આવા સેવામૂર્તિ દેવપુરુષ શ્રી બાબુભાઈના હાથે હજી પણ સેવાનાં ઘણાં કાર્યો થતાં રહે, અને પૂ. શ્રી યોગેશ્વરજીના વિશાળ કલ્યાણ કાર્યમાં મહત્ત્વનાં સેવાનાં સોપાનો એમના થકી સર થતાં રહે, એ માટે પ્રભુ તેમને લાંબું તંદુરસ્ત આયુષ્ય આપે, એ જ પ્રાર્થના છે.

જે જીવન સમાજસેવાના કાર્યમાં ઉપયોગી બને છે તે જ જીવન ખરેખર સાર્થક, સફળ અને ધન્ય છે. એ દૃષ્ટિએ જોતાં, શ્રી બાબુભાઈનું જીવન સાચે જ સાર્થક, સફળ અને ધન્ય છે.



# માતૃસંગે સ્વર્ગારોહણે

શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી

સ્વર્ગારોહણ શબ્દ સાંભળતાં જ યોગેશ્વર પરિવારના સાધકોને એક અજબ રોમાંચ થાય છે. પૂ. શ્રી માએ સાધના કરી અને કરાવીને એ ભૂમિને ખૂબ પવિત્રતા, શાંતિ અર્પી દીધાં છે. નિત્ય પ્રાર્થનાઓ, નિત્ય પ્રણામો, મંત્રગાન, ધૂન, ત્રિકાળ-વંદના, શ્રમયજ્ઞો અને સેવાયજ્ઞોએ આ ભૂમિને એક અનેરું ચેતનતત્ત્વ ધરી દીધું છે. આ ભૂમિમાં મા સાથે રહેવું તે જીવન-નો અમૂલ્ય લ્હાવો છે. માતૃસ્વરૂપનું પ્રગટ થતું વિરાટ દર્શન અને દર્શન માટેની સમજ અને સમય અહીં પૂરાં પાડે છે.

‘છાશની હાશ’ જેવા સેવાયજ્ઞની સમાપ્તિ થઈ છે. પૂ. શ્રી માને તેનાથી ખૂબ સંતોષ છે. પૂ. શ્રી મા આજ્ઞા કરે છે કે સહુ અહીંના ગ્રામદેવતાને સંકીર્તન કરતા કરતા વંદન કરી આવો. સ્વર્ગારોહણનો સેવકોનો સંઘ ખરેખર સંઘની જેમ જ દર્શને જાય છે. ખૂબ સરસ રીતે આ કાર્યક્રમ પાર પડે છે. પૂ. માના ભક્તો કે જેઓની એ સમજ છે કે પૂ. મા જ જગદંબા છે. તો આજે તો ભક્તોની ખેંચતાણના સમયમાં પોતાના કાર્યક્રમની સફળતા માટે ગ્રામદેવતાને પ્રણામ કરવા મોકલવા અને તેને સફળતાનો યશ આપવો એ કંઈ નાનીસૂની વાત નથી. આપણે જે સ્થાનમાં રહીએ છીએ, તે ભૂમિના ગ્રામદેવતાને પણ મા સન્માનિત કરવાનું કેવું શીખવે છે! તો સાથે સાથે કોઈ પણ કાર્યના કર્તૃત્વનો જરા પણ ભાર નહીં! કેવું અહંકાર શૂન્યતાનું દર્શન!

સ્વર્ગારોહણમાં સત્કર્મોની વણઝાર ચાલે છે. આપણા મહારાજ રસોડાના સેવક એક શનિવારે રડતા રડતા મા પાસે આવે છે. "મા, પંદર દિવસમાં મારી બે બકરીઓ મરી ગઈ!" ત્યારે શ્રી ડો. મેનાબહેન અને ગીતાબહેન ઠાકર પૂ. માની સન્મુખ ઊભાં છે. પૂ. શ્રી મા કહે છે, "આ બંને બહેનો મહા-રાજને એક બકરી અપાવી દેશે." મહારાજને ભય છે, કદાચ ત્રીજી પણ બકરી મરી જાય તો? તેના ઉપાયમાં શ્રી રંજનબહેન દેસાઇ કહે છે, "તેને સીધી સ્વર્ગારોહણ માના દર્શને લઈ આવજો પછી ઘેર લઈ જજો. એટલે નહીં મરી જાય." મહારાજ બકરી લાવે છે, જેનું નામ તેના માલિકે મમતા આપ્યું છે. મહારાજ તેને સીધી સ્વર્ગારોહણ લાવે છે. અને જ્યાંથી પૂ. માની દૃષ્ટિ તેના પર પડે તેમ ત્યાં રાખે છે.

પૂ. મા દરરોજ આ મમતા બકરીના ખબર પૂછે છે અને તે દિવસે શ્રી મંજુબહેન અમીનને કહે છે કે તેને સ્વર્ગારોહણનું કંઈક આપજો. પૂ. માનું સૂચન છે કે પ્રાણીને લાવો તો તેને ખવડાવવાનું પણ ધ્યાન રાખો. મંજુબહેન તેને પાલો ને પૂરી તેવું ખવડાવે છે. આ પ્રસંગ બે વસ્તુ દર્શાવે છે. મા પ્રાણી-જગતને પણ તેટલું જ ચાહે છે. સાથે સાથે સાધકોને સત્કર્મ કરવાની સમજ અને પ્રેરણા બંને આપે છે. મહારાજનાં બાળકોને નિયમિત દૂધ મળી રહે. ખરેખર જેને જરૂર છે જે માગી નથી શકતા તેવા પાત્રોને મદદ કરો, એવાઓનેય મદદ કરો, તેવો પૂ. માનો ભાવ છે.

પૂ. માના નિવાસની અગાસીમાં શીંગ સૂકવેલી છે. આસ-પાસમાંથી ખીસકોલીઓ આવી તે શીંગ ખાય જાય છે. પૂ. શ્રી મા દીપુને કહે છે, "દીપુ, તું આ શીંગ ફોલી આપ, જેથી



ખીસકોલીઓને ખાવાની તકલીફ ન પડે" માની વિસ્તરેલી કરુણાદૃષ્ટિનું કેવું સરસ દર્શન! નાના જીવોને પણ સુગમતાથી ખાવા મળે તે પૂ. માનો ભાવ છે.

શ્રી નારાયણભાઇ જાની અહીં આવેલ છે. ભાદરવા વદ ૧૨ ના રોજ તેમનાં પત્ની શ્રી સરસ્વતીબેનનું શ્રાદ્ધ છે. તેથી તે દિવસે સાધકોને પોતા તરફથી ભોજન આપવાની વાત પૂ. માને કરે છે. તો પૂ. મા સહજ રીતે કહે છે. બે મીઠાઇ કરજો. શ્રીખંડ સાથે મગજ. પાછળથી ખબર પડે છે કે તેઓની માતુ-શ્રીનું શ્રાદ્ધ પણ તે જ દિવસનું છે. આમ બંને દિવંગત આત્મા-ઓની તૃપ્તિ માટે બે મિઠાઇ કરવાનું સૂચન પૂ. માથી સહજ રીતે થઇ જાય છે.

આ શ્રાદ્ધનિમિત્તે શ્રી નારાયણભાઇએ પહેલેથી જ નિયમ પ્રમાણેના પૈસા સંચાલક શ્રી ઘનશ્યામભાઇને આપેલ છે. પાછળથી જાણવા મળે છે કે પૂ. માએ પણ તે માટે પૈસા આપ્યા છે. તો પૂ. માને તે અંગે પૂછતાં કહે છે, "જીજી (સરસ્વતી-બેનનું ટૂંકુ ઘરનું ઉપનામ) તમારા એકલાનાં થોડાં છે? પૂ. મા લખે છે. સંબંધોની છાપ એવી ઊંડી ના મારો કે જેથી તેમાં મમત્વનો ગાઢ ભાવ જાગીને આસક્તિમાં પરિણમે."

આવી નાની વાતમાં પણ પૂ. માની કેવી સ્પષ્ટ સમજ ને કેવી અદ્‌ભુત શીખ!

કુણાલનો નાનકડો પુત્ર ઉદ્ધવ સ્વર્ગારોહણ અંબાજી આવવા-નો છે, તે પૂ. શ્રી માને તો ખબર જ નથી. પણ સહજ રીતે બપોરે બાર વાગે પૂ. શ્રી મા શ્રી દમયંતીબહેન સાથે તેને માટે ભેટ મોકલે છે. ઉદ્ધવ તો છેક સાંજે ૮–૩૦ વાગે આવે છે. પૂ. શ્રી માને ભૂત, ભાવિ અને વર્તમાનનું કેવું સહજ સ્ફુરણ થાય છે!

પૂ. શ્રી મા એક દિવસ સવારની બેઠકમાં કહે છે. અમને આજે સવારમાંથી ઘાણીના બળદનું સ્મરણ થાય છે. તમે જે લાઇટ, પંખા, પાણી તેનો બેફામ ખોટો ઉપયોગ કરો છો, તે વ્યય છે અને તે વ્યયની પણ કિંમત ભવિષ્યમાં ચૂકવવી પડશે. આ નિર્જીવ જણાતી વસ્તુઓમાં પણ એક ચૈતન્ય છે. દેખીતી રીતે તે વૈજ્ઞાનિક ઉપકરણો છે, પણ શ્રી શ્રી માના ચૈતન્યમાં તો તે સેવકો છે. ઔચિત્ય વગરનો ઉપયોગ તે પણ ગુન્હો છે અને તેનું ઋણ ચૂકવવું જ પડે છે. સાથે શ્રી શ્રી મા પૂ. ગાંધીજીનું સ્મરણ કરતાં કહે છે. જોઈતી વસ્તુ કરતાં વધારે વાપરવી તે હિંસા છે. અહિંસાનું કેવું વિસ્તૃત ફલક!

પૂ. શ્રી મા ક્ષિપ્રાના પાર્સલની વાત કરે છે. તેણે છ જાતનાં ફળોની સૂકવણી મોકલી છે, તેમાંથી બે બટુકોને આપી દીધાં, પરશુરામ (ફળનું પૂ. શ્રી માએ આપેલું નામ છે) પાઈનેપલની સૂકવણી વસ્ત્રોની સેવા કરવાવાળાને. અમે એ ફળો જોઈને જ ધરાઈ ગયાં! ઉપરામતા આવી ગઈ. અમારી પાસે તો કંઈ આવે અને ક્યાં ચાલ્યું જાય, તેની કંઈ ખબર નહીં. કોની, ક્યારે ક્યાં લોટરી લાગે. પૂ. માની કેવી પારદર્શિતા છે. તો સાથે સાથે મૂક સેવકોપર દૃષ્ટિ પણ છે. ભલે આસપાસ ન દેખાતા હોય પણ કોઈની કોઈ જગ્યાની સેવા પૂ. માના ધ્યાનબહાર નથી. નાનામોટા સર્વ માટે કેવો કૃતજ્ઞતા ભાવ એમનો. તો વિદેશની ગમે તેવી સારી કે મોંઘી વસ્તુઓનો કોઈ મોહ જ નહિ.

શ્રી હેમલ મહેતા (ચીમનભાઈ મહેતાનો પુત્ર) તેની સુરત-માં રેલ વખતની સેવાની વાત કરે છે. ત્યાં પણ તે સંનિધિ પર્વનો બિલ્લો પહેરી રાખે છે અને મા સતત એ બેઝમાંથી તેને નીરખે છે અને માર્ગદર્શન પણ આપે છે, તેવી તેની અનુભૂતિ



છે, તો તેનાથી રેલ વખતે જે કામ થાય છે તેનાથી તેની સાથેના બીજા સહકાર્યકરો પણ પ્રભાવિત થાય છે. તેને સહુ પોતાની રાજકીય પાર્ટીમાં બોલાવે છે. તે કોઈનો બેઝ પણ નથી પહેરતો કે નથી કોઈની ટોપી. પોતાનું કાર્ય પોતાના બિલ્લામાં રહેલાં મા જુએ છે. તે રીતે કર્યા કરે છે. યુવાન હૃદયમાં માએ Work is Worshipરૂપે પ્રવેશ કરેલો છે. નિષ્ઠા એ જ સાધના. યુવાનો સાથેની માની મિત્રતા એ જ તેમને આસપાસના પ્રદૂષણોથી બચાવી લે છે. પ્રેમ, મૈત્રી પુરસ્કાર એવું કંઈ પણ આપી, યુવાનોના હૃદયમાં પ્રવેશ કરી તેમનામાં માએ Dedication જન્માવ્યું છે.

પૂ. શ્રી માએ આ જન્મમાં પ્રેમનું આયુધ ધારણ કર્યું છે. સત્સંગની બેઠકની અગત્યતા સમજાવતાં પૂ. મા કહે છે જે સત્સંગની બેઠકમાં આવે તેને પ્રભુ ચાંદલો કરે. આપણે રોજ જતા હોઈએ તો પ્રભુને પણ શરમ નડે. આપણાં કામ આવીને કરવાં પડે. હે મા! પ્રભુને બોલાવવાની કે શરમમાં નાંખવા જેટલી રાહ તમે ક્યાં જુઓ છો. ઊભા થઈને દોડવા જ માંડો છો. અંતર્યામીરૂપે આપ તો પહેલાં જ જાણી લો છો અને અરે! કૃષ્ણ—સુદામા કરતાં બીજી કોઈ ઉપમા હોય તો તે રીતે તેનાં કામ કરો છો. હે મા, તમારું દયાના સાગરનું બિરુદ યથાર્થ કરતાં જ રહો છો.

સ્વર્ગારોહણના સૂત્રધાર શ્રી ઘનશ્યામ દેસાઈના પૌત્ર કૃપેશનો ફોન આવે છે. તેને ડ્રોઈંગ Competition ગુજરાત કક્ષાએ અને સમગ્ર ભારત કક્ષાએ એક મેડલ મળે છે. તેની ઉંમર નાની છે. મા તેને ખૂબ ખૂબ અભિનંદન આપે છે, પછી વ્યાવહારિક જગતની શીખ આપે છે. 'તે સ્કૂલમાં જણાવ્યું! મમ્મી પપ્પાને થેંક્યું કહ્યું કે નહીં? મમ્મી મદદ કરે પણ પપ્પા

ફી ભરે છે.' હવે કૃપેશ વિશ્વ કક્ષાએ પ્રથમ આવે તેવો તેને આશીર્વાદ આપે છે, તે જમતો નથી, એટલે દૂબળો છે, પૂ. મા કહે છે જો તું જમે તો તારા દાદીમા જેવો થઈ જાય. (દાદીમાની તબિયત સરસ તંદુરસ્ત છે.) પૂ. મા બાળક સાથે બાળક જેવાં સહજ બની જાય છે. કોઈ આધ્યાત્મિક ઉચ્ચતાનો ભાર નહિ.

કૃપેશના ફોન પછી શિવમ્ (વિજયભાઈ કનેરિયાના) પુત્રનો ફોન આવે છે. પૂ. મા તેને પૂછે છે, ''ક્યારે આવીશ?''

શિવમ્ : ડીસેમ્બરમાં આવીશ.

પૂ. મા : તો કેલેન્ડરમાંથી તારીખો ફાડી નાંખ, એટલે ડીસેમ્બર આવી જાય.

શિવમ્ : તે તો મા જ કરી શકે.

પૂ. મા : તું પ્રણામ કરે છે?

શિવમ્ : સવારે પાંચ, બપોરે પાંચ, સાંજે પાંચ.

પૂ. મા : તારા મિત્રો મશ્કરી નથી કરતા.

શિવમ્ : તે હવે બહાર જતાં પ્રણામ કરતો થઈ ગયો છે અને કહે છે, તારા ભગવાન તે મારા ભગવાન.

શિવમ્ પોંડીચેરી પ્રવાસ પર ગયો છે. ત્યાંથી પરિવારની સાથે પૂ. માને પણ યાદ કરી ફોન કરે છે. મા માત્ર બીજનું આરોપણ નથી કરતાં, પણ તેનું સંવર્ધન પણ કરે છે, મા બાળ સહજ લીલા કરી તેમને પણ ખુશ કરે છે.

પૂજાનો જન્મદિવસ છે. તે જન્મદિવસના શુભાશિષ મેળ-વવા માટે અંબાજી આવવાની હતી પણ કંઈક કારણસર આવી શકતી નથી. આજે તેની પાસે પરિવારના એક પણ વડીલ સભ્ય નથી. પપ્પા, મમ્મી, ભાઈ, ભાભી, બહેન કોઈ પણ



નથી. તેથી તે નિરાશ થાય છે. પૂ. મા તેને ફોન કરાવે છે અને કહે છે પૂજા બાળકમાંથી યુવતી થઈ, પણ માને વળગી રહી છે. જરાપણ બદલાઈ નથી. પૂજા દુનિયાના કોઈ પણ ખૂણે હશે તોપણ માને નહીં ગમે તેવું કંઈ પણ નહીં કરે. બીજે દિવસે બપોરે સ્વર્ગારોહણના યુવાન બાળકોને ભેગા કરી તેની મુંબઈ-ની ઓફિસમાં ફોન જોડાવે છે અને જન્મદિવસની પ્રાર્થનાનું ગીત સંભળાવે છે. બધા ખૂબ સરસ ગાય છે. તે ખૂબ પ્રસન્ન થઈ જાય છે. સામા માણસના મનની માવજત કરવામાં માના જેવું કંઈ પારંગત નથી. હસતાં હસાવતાં માને જોઈ તેમની દિવ્યતા ન વીસરી જવાય એવી શ્રી માતૃચરણે પ્રાર્થના.

સ્વર્ગારોહણમાં પૂ. શ્રી માનો મુક્ત વિહાર છે ત્યાં પળે પળે આવી લીલાઓ થતી જ રહે છે. ઘણીવાર એવું અનુભવાય છે, આંખને વાચા નથી, વાચાને આંખ નથી. પણ નિત્ય નાવીન્ય તે પૂ. શ્રી માનો સ્વભાવ છે. આ વ્રજની લીલાભૂમિ છે. અહીં શ્રી શ્રીમાના સ્પર્શ પામેલા પત્રો, પુષ્પો, વેલી, વૃક્ષો છે. પવિત્ર પદરજ છે. જીવતું બોલતું વાતાવરણ છે. નીરવ શાંતિ છે. જે કોઈ પણ વ્યક્તિને મોહી લે છે. આધ્યાત્મિકતાનો ઉઘાડ કરવાનું આ તીર્થ છે. આ જ ટાણું છે. આ અવસરને માણવાનું આ જ લ્હાણું છે. હે મા! આ અપૂર્વ અવસર અમને મળ્યો છે. અમને અંદર બહારથી ગ્રંથિ રહિત કરી દેજો. તે ચૂકાઈ ન જાય તેવી અમારા પર કૃપા કરજો. તેવી આપના શ્રી ચરણે પ્રાર્થના. આપનું આ અદ્‌ભુત સ્વરૂપ અમે નિહાળ્યા જ કરીએ, સતત આપને સ્મરીએ અને આપના સ્મરણમાં રત રહીએ એવા આશિષ આપજો. પાસે હોઈએ કે દૂર, સતત મનથી અનુસંધાન આપજો અને અમારી સર્વે શુભ પ્રાર્થનાઓનો સ્વીકાર કરજો.

### શ્રી દુર્લભભાઈ પી. ભક્તની સ્મૃતિમાં

# સ્વર્ગારોહણમાં સર્વરોગ નિદાનયજ્ઞ

ડૉ. બી. જે. જાગાણી

તા. ૨૪–૧૦–૨૦૦૪ ને રવિવારના રોજ સ્વર્ગારોહણ-તીર્થ, અંબાજીમાં સવારે ૬–૩૦ કલાકે પ્રભાતવંદના થાય છે. પ્રભુના સ્મરણ પછી યોગતીર્થની સામે ભાઈઓ ને બહેનો બેઠાં છે. પૂ. મા માટે એક ખુરશી મૂકાય છે. નાનકડો સફેદ તકિયો ખુરશી પર છે. ખાસ પ્રકારના ડ્રેસમાં સજ્જ ૨૦ જેટલા ભાઈઓ ને ૨૦ જેટલી બહેનો પૂ. માના ખંડમાં જાય છે. શ્રીમતી ગુલાબબેન(પનામા)ને શ્રીમતી ઈલાબેન (ભારત) પૂ. શ્રીના સ્વરૂપને લઈને સંકીર્તન કરતાં કરતાં ચાલે છે. પાછળ શ્રી હિતેશભાઈ ભક્ત ચાલે છે. ૪૦ જેટલા ભક્ત બહેનો–ભાઈઓ સંકીર્તન કરતાં કરતાં બગીચાની પ્રદક્ષિણા કરી પૂ. શ્રીના આ સ્વરૂપને અગાઉથી તૈયાર કરેલી બેઠક પર પધરાવે છે. પૂ. માનું આગ-મન અહીં સવારે ૯–૧૫ કલાકે થાય છે. પૂ. શ્રીના સ્વરૂપને પૂ. મા પ્રણામ કરી ખુરશી પર બિરાજે છે. સંકીર્તન ચાલુ છે. શ્રી જયુબેન ભક્ત ધીમા સ્વરે મંત્રગાન કરાવે છે. વાતાવરણ પ્રભુપ્રેમ ને કૃપાથી ભરાઈ જાય છે.

શ્રી રાજુભાઈ જાની હવે સર્વરોગ નિદાનયજ્ઞની માહિતી આપે છે. પરદેશથી ખાસ પધારેલ શ્રી હિતેશભાઈ, શ્રીમતી ગુલાબબેન, ભારતના શ્રી ઈલાબેન–શ્રી બચુભાઈનું શાબ્દિક સ્વાગત કરે છે. તે વખતે નાનકડો બાળ શ્રી બૈજુ પૂ. માના ફોટા પાડી સ્મૃતિને કંડારે છે. શ્રી દીપકભાઈ મહેતાની ટીમ તો



આ સ્મૃતિને વિડિયોદ્વારા કંડારતી રહી જ છે. નિદાનયજ્ઞની ઉદ્‌ઘાટનવિધિ ધીમે ધીમે શરૂ થાય છે.

હવે શ્રીમતી ઈલાબેન ભક્ત અગાઉથી તૈયાર કરેલ પ્રાસંગિક ઉદ્‌બોધનની પત્રિકા વાંચે છે. ભવસાગર તારણહાર તરીકે પોતાના માતાપિતાને સરખાવે છે. શ્રી દુર્લભભાઈ પી. ભક્તની સ્મૃતિમાં આ નિદાન યજ્ઞ થઈ રહ્યો છે એટલે પિતાના ગુણાનુવાદ ગાય છે. તેઓ વ્યવસાયે શિક્ષક હતા. દરરોજ ઘરમાં સાંજે પ્રાર્થના કરતા. રમૂજી વાર્તા કરતા. તેઓનું સૂત્ર હતું કે સુખમાં છકી ન જવું ને દુઃખમાં હિંમત ન હારવી. સ્વતંત્ર ભારતની ચળવળમાં ભાગ લીધો હતો. દેશભક્તિનાં ગીતો ગાતા. ઔષધિઓનું જ્ઞાન મેળવ્યું હતું. પૂ. શ્રીનું આકર્ષણ ખૂબ રહેતું. પૂ. મામાં પણ અખૂટ શ્રદ્ધા હતી. તેઓ માનતાં કહે 'અમે' સંત પેઢીના સભ્ય છીએ. મૌન મંદિરમાં સાધના કરતા. ઔષધીય ઉપચારનો શોખ હતો એટલે આ નિદાનયજ્ઞ યોજ્યો છે. બે ત્રણ પદો ગાઈને અશ્રુધારા વહાવીને શ્રીમતી ઈલાબેને પ્રાસંગિક ઉદ્‌બોધન પૂર્ણ કર્યું ને નમ્રતાપૂર્વક પૂ. માનો આભાર માનતા કે, 'હે મા! મને તમારા ચરણોમાં જન્મોજન્મ રાખજો.'

શ્રીમતી ગુલાબબેન (પનામા) પણ આ પ્રસંગે ઉદ્‌બોધન કરે છે અને માતાપિતાનું સ્મરણ કરે છે. પૂ. મા ત્રણ વખત પનામા ગયાં હતાં. એટલે આ બહેન ધન્યતા અનુભવે છે. પનામામાં સાધના શિબિરો યોજવાની અને સત્કર્મો કર્યાની માહિતી પણ આપે છે.

પૂ. શ્રીના સ્વરૂપની આગળ એક મોટી દીવડી છે. પૂ. માને સૌ પ્રાર્થના કરે છે કે દીપ પ્રગટાવીને નિદાનયજ્ઞની શરૂઆત કરે. પૂ. મા દીપ પ્રગટાવે છે. બાકીના દીપને શ્રી ઈલાબેન,

શ્રી ગુલાબબેન, શ્રી હિતેશભાઈ અને શ્રી બચુભાઈ પણ પ્રગટાવે છે. સૌ ભક્તો 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રનું સમૂહમાં ગાન કરે છે.

આ સમયે પૂ. મા દ્વારા અગાઉથી તૈયાર થયેલ હસ્ત-લિખિત સંદેશો શ્રી રાજુભાઈ જાની પાસે વંચાવીને ભક્તોને સંભળાવે છે.

**'જેમના નામે આજનો કેમ્પ શરૂ થશે તે શ્રી દુર્લભભાઈ ભક્ત પુરુષ હતા. એમના સ્વરચિત ભજનોમાં પૂ. શ્રી ઉપરની શ્રદ્ધાભક્તિ વ્યક્ત થતી જોઈ શકાય છે.**

**એમણે પૂ. શ્રીના પ્રવચન પછી પૂ. શ્રીને ગુરુ તરીકે સ્થાપિત કરી મા ઉપર પણ એવી જ શ્રદ્ધા દૃઢ કરી હતી. એઓ એમ જ માનતા કે મા સંત છે ને એ સંતપેઢીનો હું પણ સભ્ય છું. માટે હું પણ તરી જઈશ. કેવી શ્રદ્ધા હતી! એમના પરિવારના ત્રણે સંતાનો એવી જ અખંડ શ્રદ્ધા ટકાવી પિતાનો સંસ્કાર વારસો દીપાવી રહ્યાં છે.**

**શ્રી ઈલાબેન જેમ કર્પૂરવનના મહિલામંડળનાં પ્રમુખ બની સેવા કરે છે એ રીતે શ્રી ગુલાબબેન પનામા જેવા દેશમાં પૂ. શ્રીનું સત્સંગકેન્દ્ર ચલાવી રહ્યાં છે. એકલે હાથે પનામામાં શિબિર પણ કરે છે. એટલે શ્રી દુર્લભભાઈની બંને દીકરીઓ દીવડી બનીને પોતાની રીતે પિતાનું નામ ઉજ્જ્વલ કરી રહી છે.**

**આજે આ કેમ્પમાં સૌની હાશ પામવાની છે તે હાશ શ્રી દુર્લભ-ભાઈ જ્યાં હોય ત્યાં તેમને સહાયક થાઓ તેવી પ્રાર્થના છે.**

**આ સેવાની પ્રવૃત્તિમાં સૌ નમ્ર સેવક બનીને સૌને સત્કારતા કેમ્પને દર વરસે સાથે મળીને સફળ બનાવી રહ્યા છો, તે સૌના સહકારવિના શક્ય નથી. સૌ સેવકો ઉપર પૂ. શ્રીના આશીર્વાદ ઉતરો. —મા.'**



કેમ્પનું ઉદ્‌ઘાટન થયું. ડોક્ટરો આવી ગયા છે. નાસ્તો કરીને સૌ પોતાનાં સ્થાન પર જાય છે. દાંત, ચામડી, સ્ત્રીરોગ, બાળરોગ, પેટ—પથરીના રોગ, તાવ, શરદીના રોગ, હરસ, મસા, ભગંદર, આંખ, નાક—કાન, ગળાના રોગના ડોક્ટરો ખંત-પૂર્વક સવારના ૯—૩૦ કલાકથી ૩—૦૦ કલાક સુધી નિદાનની સેવા આપે છે. દરદીઓ પણ નદીના પ્રવાહની જેમ સતત આવતા જાય છે. નિદાન થતું જાય છે. દવાના સ્થાન પરથી દવા લેતાં જાય છે ને છેલ્લે પ્રસાદના સ્થળપરથી શ્રી ગુલાબ-બેન, શ્રી ઈલાબેન, શ્રી હિતેશભાઈ, શ્રી બચુભાઈ, શ્રી મનોજ-ભાઈના હસ્તે પ્રસાદ લઈને હરખાતાં હરખાતાં દરવાજાની બહાર હાશ લઈને જાય છે. બેતાળાના નંબરના ચશ્મા જે દરદીને મળે છે ને આંખે સારું સૂઝવા લાગે છે ત્યારે ખૂબ આનંદમાં આવી જાય છે. એક્યુપ્રેશરદ્વારા શ્રી મયૂરીબેન ટેલર ને શ્રી દીપકભાઈ ટેલરે દવાવિના ઘણા દરદીઓને તત્કાળ રાહત આપી. કેટલાંક દરદી તો સ્થળપર જ નાચતા હતાં. શ્રી હિતેશ-ભાઈ પોતાના વિડિયોમાં આ બધી સ્મૃતિઓ કાયમ સંગ્રહ પામે તે માટે સતત કાર્યરત હતા.

પૂ. મા નિદાનયજ્ઞનું ઉદ્‌ઘાટન કરી પોતાના ખંડમાં જપની સાધનામાં રત બને છે. બધું જ પૂ. શ્રી પર છોડી દે છે. માત્ર એક વખત ડોક્ટરોને શરબત, પોતાના વરદ હસ્તે આપવા થોડા સમય માટે આવે છે.

પૂ. મા ભલે પોતાના ખંડમાં સાધનાપરાયણ હોય પણ નિદાનયજ્ઞમાં સૌ સાધકો, ડોક્ટરો ને જેને જેને જે જે જવાબ-દારી સોંપાઈ હતી તે બધા પૂ. માની પ્રત્યક્ષ હાજરી છે તેમ માનીને દર્દીનારાયણની સેવામાં મગ્ન હતા. અમેરિકાથી શ્રી

ભગવાનજીભાઇ ને શ્રીમતી કંચનબેન આ કેમ્પમાં ખાસ ઉપસ્થિત હતાં.

નિદાનયજ્ઞ ૨—૩૦ કલાકે પૂર્ણ થાય છે. પૂ. શ્રીના સ્વરૂપને સંકીર્તન સાથે મૂળસ્થાન પર બપોરના ૩—૦૦ કલાકે પધરાવાય છે. હોલની સફાઇ કરીને ત્યાં જ ડોક્ટરોને પુરસ્કાર અર્પણ થાય છે. પૂ. માની ઉપસ્થિતિમાં શ્રી હિતેશભાઇના હસ્તે 'પૂજાના ફૂલ' કેસેટ, 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' પૂ. યોગેશ્વરજીદ્વારા અનુવાદિત પુસ્તક ને પુરસ્કારનું કવર આપવામાં આવે છે.

આજે અગિયારશ છે. સ્વર્ગારોહણતીર્થમાં સૌ અગિયારશ કરે છે. આ નિયમ આજે નિદાનયજ્ઞ હોવા છતાં પણ સૌ કોઇ પાળે છે. અગિયારશ નિમિત્તે સૌને ગમે તેવું અને જઠરાગ્નિ તૃપ્ત થાય તેવું ભોજન ૪—૧૫ કલાકે સૌ કરે છે. નિદાનયજ્ઞની સેવાની તૃપ્તિ, જઠરાગ્નિને મળેલી શીતળતા, પૂ. માના દર્શન ને આશીર્વાદથી અનુભવેલી ધન્યતા સાથે નિદાનયજ્ઞ પૂર્ણ થાય છે.

ડો. હસમુખભાઇ જોશી(આંખના ડોક્ટર)નો પાંચ વર્ષનો પુત્ર 'મલાવ' એના પપ્પાને કહે છે કે, 'આ વખતે તમે મને આગલા દિવસે સ્વર્ગારોહણ નહીં લઇ જાઓ તો કીટ્ટ.' આ બાળક મમ્મી—પપ્પાને આગલા દિવસથી જ આ સેવાયજ્ઞમાં લઇ આવ્યો. પૂ. મા પ્રત્યે, પૂ. મા પ્રેરિત સેવાયજ્ઞ માટે કેવો ભાવ! સેવાયજ્ઞમાં સહભાગી સૌનો આભાર શ્રી રાજુભાઇ જાનીએ વ્યક્ત કર્યો.

આ સેવાયજ્ઞનો લાભ ૨૮૦૦ ઉપરાંત દર્દીઓએ લીધો. અભાવગ્રસ્ત ગરીબોની શિવભાવે કેવી સરસ સેવા!



# છાશની હાશનું પર્વ

શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી

ભાદરવી પૂનમ ગુજરાતનાં અનેક પર્વોમાનું એક મુખ્ય પર્વ—મા અંબાજીનો પ્રાગટ્ય દિન છે. આ પ્રાગટ્ય દિને પદયાત્રા કરી પોતાની શ્રદ્ધાભક્તિનાં સુમનો જગદંબાને અર્પણ કરવાનો દિન. એક જ લગન. અંબાજીનું દર્શન. ગંતવ્ય સ્થાનમાં અંતર એ નજીવું મહત્ત્વ રાખે. અંબાજી દૂર હોય કે પાસે. જાવું જરૂર છે. ત્યાં વય, સ્થિતિ કે ન્યાત જાતના કોઇ વાડા નથી. સંસ્કૃતિનું અદ્‌ભુત મિલન છે. જગદંબા સહુની છે, ત્યાં કોઇ ઉચ્ચ નથી, નીચ નથી, તેવું અદ્‌ભુત દર્શન છે.

મંદિરમાં વિરાજતાં જગદંબા એ આપણા જગદંબાથી અભિન્ન જ છે, એ આપણા સહુની દૃઢ માન્યતા છે. એ જગદંબા જ્યારે એના આટલા બધા બાળકો આવતાં હોય ત્યારે કેવી રીતે દૂર રહી શકે? આપણાં મા વિદેશથી આવી ગયાં. એ શ્રદ્ધાભક્તિભર્યા બાળકોના ભાવને પુષ્ટ કરવા સામે ચાલી દર્શન આપવા. એના પુનિત પ્રસાદની વહેંચણી કરવા.

તા. ૨૫—૯—૦૪ ભાદરવા સુદ ૧૨ થી આપણું છાશ પર્વ, જલ પર્વ અને ઔષધ પર્વ શરૂ થયાં. એ પૂર્વે શ્રી શ્રી માએ સ્વર્ગારોહણના મુખ્ય દ્વારની બંને બાજુ મંડપ બંધાવ્યા. ત્યાં કઠણ જમીન તેના બાળકોને ન વાગે તે માટે સુંવાળી રેતી પથરાવી, ઉપર પાથરણાં પથરાવ્યાં. શ્રમિત બાળકો જાણે માની ગોદમાં શાંતિથી સૂઇ શકે, આરામ કરી શકે, તે શ્રમિત તનમનને શાંતિ આપી શકે.

ભાદરવા સુદ ૧૧ થી શરૂ થતી પદયાત્રામાં પ્રથમ દિવસે બહુ ભીડ નથી હોતી, પણ બારસ, તેરસ અને ચૌદશના દિવસે હિલોળે ચઢેલો માનવ મહેરામણ જોવા મળે છે. રસ્તો એક પળ પણ વિશ્રામ નથી લેતો. એક ક્ષણ માટે જાણે એમ થાય છે યંત્ર દાદરની જેમ રસ્તો ચાલે છે કે શું?

આપણું સ્વર્ગારોહણ દાંતા રોડપર આવેલું છે. એક પ્રવાહ જનમેદનીનો અહીંથી અને બીજો પ્રવાહ ખેડબ્રહ્મા રોડ પરથી આવે છે. આ વખતે આપણે બંને જગ્યાએ આપણા કેમ્પ રાખેલા છે.

તા. ૨૫–૯, ભાદરવા સુદ બારસને દિવસે સવારે ૧૦ વાગ્યાથી કેમ્પ શરૂ થાય છે. 'ૐ યોગેશ્વરાય નમઃ'ના જય-ઘોષથી જળ સેવા શરૂ થાય છે. પછી તુરત છાશ સેવા શરૂ થાય છે. પ્રથમ દિવસે ૮૦૦ લિટર છાશમાં ૧૫ કિ. ખાંડ, ૧૦ કિ. લગભગ મીઠું અને ૩ કિ. જેટલો જીરૂ પાવડર લગભગ ૫૦૦ કિ. બરફ ઉમેરીને ૨૦૦ લીટરનાં બેરલમાં છાશ તૈયાર કરી ભક્તોને વહેંચવામાં આવતી.

ગયા વર્ષ કરતાં ત્રણગણા સ્વયં સેવકો અને ડબલ ગ્લાસની સંખ્યા હતી, તોપણ ધોમધખતા તાપથી તપ્ત પિડિતોની તૃષા છીપવવા યુદ્ધના ધોરણે કામ કરવું પડતું. કોઈને કોઈ કામ નાનું મોટું નહોતું લાગતું. કોઈ કામ અગત્યનું કે બીનમહત્ત્વનું નહોતું લાગતું, સહુનું એક જ લક્ષ્ય સેવા.

આપણે ત્યાં બે કાઉન્ટર હતાં. છાશનું અને પાણીનું. યાત્રીકે પીધેલ છાશનો ગ્લાસ ચાર પાણીથી ધોવાતો. સાબુનું ગરમ પાણી. તે સિવાય બીજાં ત્રણ સાદા પાણીથી પણ ગ્લાસ ધોવા માટે આઠ આઠ દસ દસ સેવકની ટૂકડી હતી. તેમાં એક ટૂકડીને



તો એ ધોમધખતા તાપમાં મંડપની છાયા પણ ન મળતી. પણ સહુ સેવાની શીતળતાની ભાવનામાં સૂર્યની ઉગ્રતા પણ વીસરી જતા. ડોક્ટર હોય કે મેનેજર, ઓફિસર કે પટાવાળા, એન્જી-નિયર કે સી. એ., સહુએ પોતાની જાતને સેવામાં ઓગાળી દીધી છે. સતત મંત્રગાન સાથે પાણી અને છાશની વહેંચણીમાં મસ્ત બન્યા છે. જાણે એક સમાધિ. સ્વને વીસરવું અને પરમમાં સ્થિર થવું. એનાથી વિશેષ શું હોઈ શકે?

તા. ૨૫ મીએ છાશ લગભગ પાંચ વાગ્યાસુધી ચાલે છે. પાણી તો રાતસુધી પીવરાવાય છે, તેમાં પણ ગ્લાસ તો ધોઈને જ આપવામાં આવે છે. યાત્રીના હાથનો સ્પર્શ થયા પછી ગ્લાસે સ્વચ્છ થવું જ પડે. આ સેવા સતત દસ કલાકની રહેતી. સહુ આપણી આવી સ્વચ્છતાથી પ્રભાવિત થાય છે. એંઠા ગ્લાસ નીચે ડોલમાં જાય ત્યાં ધોઈ સ્વચ્છ થઈ આવે. કોઈ ખાલી ગ્લાસ ગોઠવે, કોઈ ભરે, કોઈ વહેંચે, એ અનેરું દૃશ્ય છે. શ્રી શ્રી મા બાળકોને વચ્ચે વચ્ચે આવી પ્રોત્સાહિત કરી જાય છે. અસહ્ય ગરમી છે, પ્રદૂષણ છે, ગંદકી પણ છે. આ બધું અત્યારે ગૌણ છે. સહુની તરસ માટે સરસ એવું મીઠુંમધુરું જળ છે, કોઈને તેમની સાથે લઈ જવાની બોટલો પણ ભરી આપવામાં આવે છે.

પ્રભુની કૃપા છે. વરસાદ નથી. છાશ સહુ પ્રેમથી પીએ છે, કાદવ કીચડ પણ નથી, આપણે ત્યાં પણ ગત વર્ષની જેમ ઢોળાયેલા પાણી અને છાશને વહી જવા ઊંડો ખાડો ખોદવામાં આવ્યો છે. જેથી સેવા કરનાર કે લેનાર કોઈને ગંદકી ન લાગે.

પૂ. શ્રીની લીલા તો જુઓ! બે વર્ષ પહેલાં અને ગયા વર્ષે આપણે સ્વર્ગારોહણના જળથી જ સહુને જળ પીવડાવી શક્યા.

આ પાણી નથી આ જળ છે. જન્મો હરી લેનારું અને દુષ્ટ કર્મોને જલાવી દેનારું, હે મા! સેવા કરનાર અને સેવા પામનાર સહુની અસદ્‌વૃત્તિને જલાવી સદ્‌વૃત્તિની સ્થાપના કરજો.

આપણા બીજા શમિયાણામાં મેડિકલ સહાય છે. પગે ચાલીને આવતા યાત્રીઓમાં પગનાં કળતર, પગના છાલા, શરીરનો દુઃખાવો, માથાનો દુઃખાવો, તાવ, ઉલ્ટી, ઝાડા મુખ્યત્વે જોવા મળે છે. આ વખતે ભૂપેન્દ્રભાઈ નેત્રંગવાળા બે બહેનો અને ત્રણ ડોક્ટરોને લઈને આવ્યા છે. તે ઉપરાંત આપણા પણ ડો. સુરતીયા, ડો. જયેશ, ડો. સંદીપ, ડો. પીયૂષ, આવેલા છે. અને અહીં બધા જ પ્રકારની દવા થાય છે. આખા અંબાજીમાં એવી એક છાપ છે કે આપણે ત્યાં ઈમર-જન્સીના સમયે રાત્રે પણ દવા મળશે. સહુ વેદનામાંથી પણ મુક્તિ પામીને રાહત મેળવીને જાય છે. સતત ડ્રેસિંગ ચાલ્યાં જ કરે છે.

રસ્તાપર યાત્રીઓ સહુ ‘‘બોલ મારી અંબે, જય મા અંબે’’ની ધૂનથી અંબે માને સાદ પાડી સંકીર્તન કરે છે. કોઈ દંડવત્ કરતું આવે છે. જાત જાતના સુશોભિત રથ, તેની લાઈટની, માઈકની વ્યવસ્થા, ભક્તો પણ પ્રેમથી ગાતા ગાતા જાય છે. ગરબીઓ પણ હોય છે તો નાની મોટી એક ગજથી માંડી બાવન ગજની લાંબી ધજા પણ જોવા મળે છે. કોઈ અશ્લિલતા કે ઉચ્છૃંખલતાનું દશ્ય ક્યાંય જોવા મળતું નથી. સહુ શ્રદ્ધાભક્તિથી ચરણ ચાલનના મહિમામાં મસ્ત છે.

આજે સમગ્ર છાશપર્વ જ સહુના મનપર છવાયેલું છે. સાધકોને સેવામાં વિક્ષેપ ન પડે માટે સહુને સવારે પૂરીશાકનો ભરપૂર નાસ્તો કરાવવામાં આવે છે. સાંજે લાડુનું પાકું ભોજન પણ જમાડવામાં આવે છે, અને સેવાયજ્ઞ પછી સત્સંગ યજ્ઞ શરૂ



થાય છે. તેમાં શ્રી જાગાણીભાઈ, શ્રીમતી પ્રગતિ જાની અને બીજાઓ પણ પૂ. માની સેવાપરાયણતાની સરાહના કરે છે.

તા. ૨૬ મીએ પણ એ જ રીતે સમગ્ર દિવસ યજ્ઞ ચાલે છે. આજે માનવ મેદનીનો ખૂબ ધસારો છે. છાશ બે વાગ્યે જ ખલાસ થઈ જાય છે. આજે આપણી વૈદ્યકીય સહાયમાં એક ભાઈ લગભગ જવા જેવા થઈ ગયા હોય છે, પણ સમયસરની સાર-વારથી તે બચી જાય છે, જાણે સ્વર્ગારોહણને આંગણે નવ-જીવન પામે છે. તેની સાથે આવનાર ભાઈ આપણી સેવા સ્વચ્છતાથી અને આપણાં શ્રી માની સેવાથી પ્રભાવિત થાય છે. આજે મા બાળકો માટે મોહનથાળનું ભોજન, તો રાત્રે ભેળ પણ બનાવડાવે છે. સતત દસ કલાક જેવું કામ છે, પણ શ્રમ હરનાર પૂ. શ્રી માએ સહુનો શ્રમ હરી લીધો છે. આજે એક ભાઈ મધ્યપ્રદેશના ગ્વાલિયરથી દંડવત્ કરતા કરતા આવે છે, જેનું કી. મી. માં અંતર ૧૧૦૦ છે. ૧૦૦, ૧૫૦, ૨૦૦ કે ૨૫૦ કી. મી. તો અહીં સહજ જણાય છે. **या देवी सर्वभूतेषु श्रद्धा रुपेण संस्थिता। या देवी सर्वभूतेषु शक्ति रुपेण संस्थिता।** ચંડીપાઠના માર્કન્ડ ઋષિની પ્રાર્થના જીવંત થાય છે. આજની છાશસેવા ૨ વાગતાં પહેલાં પૂર્ણ થાય છે. જળસેવા ચાલુ છે.

ડો. જયેશ તેમના પિતાશ્રીનો માંદગીમાંથી શ્રી શ્રી માનું સમયસરતું માર્ગદર્શન મળતાં કેવો બચાવ થાય છે, તેની વાત કરી રાત્રે સહુ ભક્તોને આઈસ્ક્રીમનો પ્રસાદ વહેંચે છે. આજે પણ રાત્રે ભેળ છે. શ્રી શ્રી મા ત્યાં પણ પધારી બાળકોને પ્રસન્ન કરી દે છે.

આજે શ્રી શ્રી મા સવારે ૯—૩૦ વાગે મંડપમાં પધારી જાય છે. આજે છાશ પણ ૨૦૦૦ લિટર મંગાવવામાં આવી છે.

છાશને મસાલેદાર બનાવવામાં મસાલો નાંખ્યા પછી શ્રી શ્રી મા લાકડીના ડંડાથી છાશ ખૂબ વલોવે છે. જાણે કહે છે હું ખૂબ વલોવાઇ છું, જપથી, તપથી, નિયમોથી અને મને પામવા આવી તૈયારી રાખજો.

હળવેથી હલાવતા બાળકોને પૂ. મા ટપારે પણ છે. બધી તાકાતથી મંડી પડો. આજે પણ છાશનાં બે કાઉન્ટર છે. પાણી-નું એક. માનવ મેદનીનો ખૂબ ઘસારો છે. શ્રી શ્રી મા પણ સહુ બાળકો સાથે છાશ વહેંચવા ઊભાં છે. નાના બાળક જેવાં છે. છાશના જગનું વજન સહન ન થાય માટે બાળકો અડધો ભરે છે, પણ મા નાના બાળકની જેમ આખો જ ભરાવે છે. તેનું અમીઝરતું વાત્સલ્ય આમ વહ્યા જ કરે છે.

ગઇકાલે ઔષધીય સહાયથી નવજીવન પામેલા ભાઇની સાથેના ભાઇ પણ સેવા આપવા આવે છે, અને રસ્તે ચાલતાં સહુને કહે છે મા જગદંબા અહીં છે, તેનાં દર્શન કરી લો.

પુસ્તકોનું વેચાણ ચાલે છે. 'અધ્યાત્મ' માસિકના થોડા લવાજમ આવે છે, થોડા પુસ્તકો વેચાય છે. કેસેટોનું વેચાણ પણ ચાલે છે. સામાન્ય જનમેદનીને અહીં આવા સાહિત્યમાં રસ પડતો નથી. અર્થસભર ગીતો સમજનાર પ્રજા નથી દેખાતી. સામાન્ય જનસમાજને લોકગીત ઢાળનાં ગીતો ગમે છે. એ બાબતમાં આપણે મહારાષ્ટ્ર અને બંગાળથી પાછળ છીએ.

આજે પણ છાશનું વેચાણ અઢી વાગે પૂર્ણ થઇ જાય છે. ૐ યોગેશ્વરાય નમઃના જયઘોષથી તે સેવાની સમાપ્તિ થઇ. રાત્રે આઠસુધી પાણીની સેવા ચાલે છે. બાળકોને, શ્રી શ્રી મા આવી વચ્ચે પ્રસન્ન કરે છે. શ્રી શ્રી મા સ્વયં પણ પ્રસન્ન છે. બાળકો તેમના રાજીપા માટે કંઇ પણ કરવા તૈયાર છે. આમ પૂ. મા



બાળકોનું આંતરિક બળ બની રહે છે.

આ સમગ્ર સેવાયજ્ઞનો ખર્ચ સર્વમંગલ ટ્રસ્ટના માજી મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઇ વોરા આપે છે. આ વર્ષે તેમને ૯૧ મું વર્ષ બેઠું છે અને જેટલા વર્ષ તેટલા હજાર રૂપિયા શ્રી બાબુકાકાએ આ એક સેવાયજ્ઞ માટે પૂ. શ્રી માના ચરણે ધરી દીધા છે. રકમ કંઇ નાની નથી, પણ શ્રી શ્રી મા પાસે રહી બાળકો તે ગુણ અપનાવે છે. આપણે પણ શ્રી શ્રી માના નાનામોટાં ગુણોને અપનાવી, જીવનમાં ઉતારી શકીએ તેવી પ્રાર્થના.

○

પરમાત્માની પ્રીતિ અને પ્રાપ્તિ વિનાનું ભૌતિક ધન કે ઐશ્વર્ય ગમે તેટલું હોય, તોપણ તે એકડા વિનાનાં મીંડાં જેવું છે. **– યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**
–: બનાવનાર :–
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
૧/૭, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ–૩૬૦૦૦૨**

# ઉરમાં વસી છે.

અરવિંદ જોષી (પંકજ), અંબાજી

છબી એવી સુંદર, કૃપાળુ સ્મૃતિ છે,
મીરા પ્રેમ મસ્તી, કુટિરે વસી છે,
ભલે સૂર્ય ગગને, કિરણ તો અહીં છે,
'કૃપા'નું કિરણ એક, પ્રકાશી રહ્યું છે. છબી એક.

નથી મા તું અહીંયાં, કહે, તું કહાં છે?
સન્મુખ આવી સામે, હસી તો રહી છે,
કરૂં પાય વંદન, મૂકું શિર ચરણે,
લઇ શિર ગોદે, થપથપાવી રહી છે. છબી એક.

સદા મૌન, નિર્લેપ, શિશુ ખેલ જોતી,
શીશુ દુઃખ જોતાં, સદા હૈયે લેતી,
નિરાકાર, સાકાર, માતૃ સ્વરૂપે,
નથી દૂર નજદીક, ઉરમાં વસી છે. છબી એક.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'એના આયુષ્ય વિશે તો કશું કહ્યું નહિ!' યશોદાએ એકાએક વચ્ચે જણાવ્યું.

'કૃષ્ણનું આયુષ્ય ઘણું મોટું છે.' જ્યોતિષીએ કહી બતાવ્યું.

'મોટું એટલે કેટલું?'

'લાંબું. સો વરસનું. આ બાળકને પૂર્ણાયુ યોગની પ્રાપ્તિ થયેલી છે.'

'એ સુખી તો રહેશે ને? અને એનુ સ્વાસ્થ્ય?'

'એ અખંડ સંપૂર્ણ સનાતન સુખશાંતિનો અનુભવ કરશે, અને એનું સ્વાસ્થ્ય સર્વ પ્રકારે સંતોષકારક રહેશે.'

યશોદાને શાંતિ થઇ. એની મુખાકૃતિ ખીલી ઊઠી.

પરંતુ નંદના મનમાં એક નવી જ જિજ્ઞાસા પેદા થઇ. એને વ્યક્ત કરતાં એમણે પૂછ્યું :

'બાળક મોટો થશે ત્યારે એના કોઇ વિરોધી કે શત્રુ થશે ખરા? એનો જીવનપથ સરળ જ રહેશે કે સંકટગ્રસ્ત બનશે?'

જ્યોતિષીએ સમ્યક્ વિચાર કરીને કહ્યું :

'કદી કદી એના જીવનમાં સંકટ આવશે ખરાં. અથવા તો કહેવા દો કે એ સંકટ લઇને જ જન્મ્યો છે. એને વિરોધીઓ કે શત્રુઓનો સામનો શરૂઆતથી માંડીને છેવટસુધી કરવો પડશે. છતાં પણ એક વાત ચોક્કસ છે કે એ સઘળાં સંકટોને સફળતાપૂર્વક પાર કરશે. શત્રુઓ એની આગળ કદાપિ નહિ ફાવી

શકે. એ શત્રુઓને પરાસ્ત કરીને એમની ઉપર યુક્તિપ્રયુક્તિપૂર્વક શક્તિશાળી બનીને શાસન કરશે.'

નંદ યશોદાને થોડીક ચિંતા તો થઇ પરંતુ ફળાદેશના સારને સાંભળીને એમણે નિરાંત અનુભવી.

'બાળકનું મૃત્યુ મંગલમય તો છે ને?' યશોદાએ પૂછ્યું.

'મંગલમય તો છે જ છતાં આકસ્મિક છે.'

'આકસ્મિક?' નંદને ચિંતા થઇ.

'હા. આકસ્મિક.'

'આકસ્મિક એટલે?'

'અણધાર્યું. કોઇક અણધારી ઘટનાના પરિણામરૂપે એ મૃત્યુ એકાએક આવી પડશે. હા, કુંડલીમાં પૂર્ણ મૃત્યુંજયયોગ હોવાથી કૃષ્ણની પોતાની ઇચ્છાથી જ એ મૃત્યુ આવી રહેશે.'

જ્યોતિષીઓએ સર્વસંમતિથી કહેવા માંડ્યું :

'નંદજી, તમારું જીવન આ દેવદુર્લભ પ્રતાપી પુત્રને પ્રાપ્ત કરીને ખરેખર ધન્ય બન્યું છે. આવા સુપુત્રનું પ્રાકટ્ય યુગોમાં એકાદ વાર જ થતું હોય છે. એ એક મહાન વિભૂતિ છે. પોતાનાં અદ્ભુત મહાન સત્કર્મોથી ને અપ્રતિમ મેધાશક્તિથી એ અખિલ અવનીને આશ્ચર્યચકિત કરી દેશે અને આનંદ આપશે. તમે બીજું કશુંયે ના કર્યું હોત અને આ બાળકને જન્મ જ આપ્યો હોત તોપણ તમારું જીવન ધન્ય બની જાત. તમે અમર થાત. તમારા સરખું સૌભાગ્ય તો સ્વર્ગના દેવોને પણ પ્રાપ્ત નહિ થતું હોય. વ્રજની ધરતી આ ઉત્તમ બાળકના જન્મથી ધન્ય બની છે અને અધિક સંપત્તિવાળી થઇ છે.'

કૃષ્ણનાં દર્શન માટે દેવો તથા સિદ્ધો પણ આવી પહોંચ્યા.



કૃષ્ણના સુખદ દર્શનથી એમણે એમની જાતને ધન્ય માની.

દેવતાઓએ પ્રસન્નતાને પ્રકટ કરતાં પુષ્પોની વૃષ્ટિ વરસાવી.

સૌએ સ્નેહસભર સ્વરે મનોમન પ્રશસ્તિ કરવા માંડી.

એ દરમિયાન સમસ્ત નિસર્ગ પણ અભિનવ રૂપ ધારણ કરીને ઊભી રહી.

ગોકુલની ગોદમાં થઇને વહી જતી યમુના વધારે મંગલમય અને આહ્લાદક લાગવા માંડી.

(ક્રમશઃ)

○

જેણે જીવતાં જ પરમાત્માના પ્રેમનો સ્વાદ લીધો ને જીવનને પ્રભુમય બનાવી દીધું, તેની ગતિ તો નક્કી જ થઇ ગઇ. તેને તો જીવતાં જ સદ્ગતિ ને મુક્તિ મળી ગઇ, એમ સમજજો. —યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩